|| શ્રી પદ્મપ્રભસ્વામિને નમઃ ||

શ્રી આર્ય - જય - કલ્યાણ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદયસૂરિભ્યો નમઃ

# સાધક અને સાધના

## (પર્વાધિરાજ પ્રવચન માલા)

સપ્તમ દિવસ
૭

**સંપાદન**

ગુણોદય મુક્તિ જય આશિષે
શાસન પ્રભાવિકા
પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના
સુશિષ્યા
**સા. જયદર્શિતાશ્રીજી**

**પ્રકાશન**

**શ્રી શત્રુંજય એકેડેમી,
ચાલીસગામ**

: પ્રત :
૫૦૦

આગમ અભ્યાસી

# પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ની
## સંયમ શતાબ્દિ પ્રસંગે
પ્રકાશિત

સં.૨૦૮૦
ઈ.સ. ૨૦૨૪

પ્રકાશન તથા પ્રાપ્તિ સ્થાન
શ્રી શત્રુંજય એકેડેમી
શ્રી પદ્મપ્રભસ્વામિ જિનાલય
સ્ટેશન રોડ, ચાલીસગામ. જિ. જલગામ
પીન - ૪૨૪૧૦૧

મુદ્રક - અશોક પ્રિન્ટરી, પાલીતાણા. મો. ૯૨૨૮૨૮૫૪૮૮

# સાદર સમર્પણ

સિદ્ધાચલ સ્નેહિ... નવકાર મંત્રારાધિકા...
અપ્રમત્ત સંયમી... વૈયાવચ્ચ પ્રેમી... આગમ અભ્યાસી...
પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના દીક્ષા શતાબ્દિ પ્રસંગે

## સાદર સમર્પણ

– સા. જયદર્શિતાશ્રીજી
સા. હિમાંશુશ્રીજી

# મંગલમય વાત

પર્વાધિરાજ પર્વ !

એક અમુલ્ય અવસર !

આઠ આઠ દિવસ, આઠ કર્મોને નબળા પાડવા માટે સાધના-આરાધનાની ધૂણી ધખાવવાનો મંગલમય સુઅવસર.

કદિ દેરાસર ન આવનાર દેરાસરમાં આવે. કદિ દર્શન-પૂજા ન કરનાર પ્રભુની ભક્તિ ભાવથી વ્યાખ્યાનાદિના શ્રવણથી જીવન ધન્ય બનાવે. કલ્પસૂત્રના શ્રવણથી પવિત્ર બને.

ઘણા સમયથી શ્રાવક વર્ગની માંગણી હતી કે પર્વાધિરાજ પર્વના પ્રવચનની પુસ્તિકા છપાય તો કલ્પસૂત્રના વાંચનથી વંચિત રહેતા સામાન્ય જીવો પણ કલ્પસૂત્રના સારને એ પ્રવચનોના માધ્યમથી જાણી શકે.

એકદા આ વાત મનને સ્પર્શી ગઇ અને પર્વાધિરાજના સાત દિવસના પ્રવચનોની સાત નાની પુસ્તિકાઓ છપાવી પ્રસિદ્ધ કરવાનો સંકલ્પ કર્યો. આજે આ સંકલ્પ સાકાર થયો. સાત દિવસની સાત પુસ્તિકાઓ પર્વાધિરાજ પ્રવચનમાળાના સાત પુષ્પો રૂપે તમારા સહુના હાથમાં આપતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સહુ એના પઠન, પાઠન, શ્રવણ, વાંચનથી આત્મ કલ્યાણ સાધે એ જ મંગળ પ્રાર્થના.

લાભાર્થી પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના...

પર્વાધિરાજ પ્રવચનમાળાના લખાણમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

- સા. જયદર્શિતાશ્રીજી

# ...તમે લાભ સવાયા લીધા...

## શ્રુત રત્ન સ્તંભ

★ મા. દેવકુંવરબાઈ ડો. મેઘજી વેલજી ધરમશી ગોરખડી
હ. ડો. ઉર્વશી, પ્રિયંવદા, વિધાતા, તક્ષશીલા – તાડદેવ.

★ કુ. વિરતી સુનિલ ખોના (વાંકુ) જલગાંવ

## શ્રુત સૂવર્ણ સ્તંભ

* કુ. શ્રુતિ પ્રફુલ વશનજી ગાલા (કોટડી મહાદેવપુરી) મુલુંડ
* સૌ. શર્મિલા ગિરીષ મૈશેરી (નાની સિંધોડી) ભાંડુપ
* કુ. વિયાના ચિરાગ લોડાયા (બારોઈ) જલગામ
* શ્રી ભાઈલાલભાઈ લખમશી લાલન (કોડાય) ઘાટકોપર
* સ્વ. સુધીરભાઈ ચીમનલાલ મોતા (સુથરી) અહમદનગર
* શ્રી દલેશભાઈ ઝવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ
* સૌ. ભાવનાબેન મનિષ લોડાયા (વારાપધ્ધર) ચાલીસગામ

સર્વ શ્રુત લાભાર્થી પરિવારોની હાર્દિક અનુમોદના

## શ્રુત રજત સ્તંભ

* સૌ. મીનલ દિનેશ કામાણી (પરજાઉ) ઈંદોર
* ચિ. ઝિહાન સ્નેહલ જીતેન શાહ (હાલાપર) માટુંગા
* મા. કસ્તુરીબેન જયકુમાર મોમાયા (સાંયરા) ધુલિયા
* સૌ. રેખાબેન લલિત મોમાયા (સાંયરા) ચાલીસગામ
  સૌ. નેહા રવિકાંત તિવારી, સૌ. નમ્રતા આશિષ અરોરા,
  ચિ. નાયસા, ચિ. નિવિક
* ચિ. લય તેજસ લાલકા (મુલુંડ) કુ. યશા,
  વેદા કીંશુક લાલકા (સેંધવા)
* અક્ષિતા નાગડા (ઘાટકોપર), જીનલ નાગડા (હુબલી),
  સાચી શાહ (યુ.એસ.એ.)

# ભાદરવા સુદ – ૪
# સપ્તમ દિવસ

## સાધક

અહો... અહો મહા ઉપકારી ભગવંતો...
આપ સહુએ પરમાત્માના માર્ગને જીવંત રાખ્યો...
અમારા સુધી પહોંચાડ્યો...
આપ તર્યા... અમને તરવાનો માર્ગ ચિંધ્યો...
શે ભુલાય આપના ઉપકાર ?
વંદના... વંદના... ભાવભીની વંદના.
આશીર્વાદ વરસાવજો...
આપ સંચર્યા એ માર્ગે
સંચરવાનું બળ આપજો.

## સાધના

પ્રભુ મહાવીરસ્વામિએ,
સંઘ સ્થાપના કરી... સંઘ સ્થિરતા અને
આત્મ કલ્યાણ અર્થે સંયમી જીવનની સમાચારી...
ગુણશીલ ચૈત્યમાં પ્રકાશી.
આપણે એ સમાચારીને જાણવા-સાંભળવા
ભાગ્યશાળી બન્યા.
આત્મોદ્ધારક સમાચારી આદરી
જીવન ધન્ય બનાવીએ.
એ જ અભિલાષા...

# ઋષભપ્રભુની ગૌરવ ગાથા

આ અવસર્પિણી કાળમાં અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર કોઇ હોય તો તે દેવાધિદેવ ઋષભદેવ પ્રભુ છે. અવસર્પિણી કાળમાં પ્રથમ જિન શાસનને પ્રવર્તાવવાનો અમુલ્ય લાભ એમને જ ફાળે જાય છે. આવા અનંત ઉપકારી પ્રભુજીનું જીવન ચરિત્ર વિસ્તારથી જાણવા જેવું છે. પ્રભુ ઋષભદેવના સમકિતની પ્રાપ્તિ પછી તેર ભવ થયા છે. તે આ પ્રમાણે –

(૧) પ્રથમ ભવમાં જંબૂદ્વીપના મહાવિદેહમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ધન નામે સાર્થવાહ થયા. પોતાના સાર્થમાં રહેલા આચાર્ય ભગવંત શ્રી ધર્મઘોષસૂરિના સાધુ ભગવંતોને સુપાત્રદાન આપતાં સમ્યગ્દર્શન પામ્યા. ધર્મઘોષ સૂરિથી પ્રતિબોધ પામ્યા.

(૨) બીજા ભવમાં ઉત્તરકુરુ ક્ષેત્રમાં યુગલિયા થયા.

(૩) ત્રીજા ભવમાં પ્રથમ દેવલોકમાં દેવ થયા.

(૪) ચોથા ભવમાં જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહના ગંધિલાવતી વિજયમાં મહાબલ નામે રાજા થયા.

(૫) પાંચમા ભવમાં બીજા દેવલોકમાં દેવ થયા.

(૬) છઠ્ઠા ભવમાં જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહના પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરમાં રાજા થયા.

(૭) સાતમા ભવમાં ઉત્તરકુરુ ક્ષેત્રમાં યુગલિયા થયા.

(૮) આઠમા ભવમાં પ્રથમ દેવલોકમાં દેવ થયા.

(૯) નવમા ભવમાં જંબૂદ્વીપના મહાવિદેહના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જીવાનંદ નામે વૈદ્ય થયા.

(૧૦) દશમા ભવમાં મિત્રો સહિત બારમા દેવલોકમાં દેવ થયા.

(૧૧) અગિયારમે ભવે જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં પૂર્વમિત્રો સહિત બંધુપણે ઉત્પન્ન થયા. તેમાં પ્રભુનો જીવ વજનાભ નામે ચક્રવર્તી થયો. છ ભાઈઓ સહિત દીક્ષા લીધી. વજનાભ મુનિએ વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

(૧૨) બારમા ભવમાં છ એ મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

(૧૩) તેરમા ભવે શ્રી ઋષભદેવ પ્રભુ થયા.

અરિહંત પ્રભુ શ્રી ઋષભદેવના ચાર કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા છે જ્યારે પાંચમું કલ્યાણક અભિજીત નક્ષત્રમાં થયું છે. કૌશલિક પ્રભુ ઋષભદેવ આષાઢ (ગુજરાતી જેઠ) વદ ચોથના દેવલોકથી ચ્યવીને ઈક્ષ્વાકુભૂમિમાં નાભિકુલકરની પત્ની મરુદેવાના ઉદરમાં મધ્યરાત્રિના સમયે ઉત્પન્ન થયા.

## કુલકર

યુગલિક કાળ પૂર્ણ થતાં પરિસ્થિતિના પરિવર્તનને પહોંચી વળવા સંધિકાળમાં સાત કુલકર થયા છે. પ્રથમ કુલકર વિમલવાહન થયા. કાળના પ્રવાહથી કલ્પવૃક્ષ વહેંચી આપ્યા. બધા પોતાના કલ્પવૃક્ષ સાચવવા

લાગ્યા છતાં ક્યારેક તકરાર થતી એ માટે વિમલવાહને હાકાર નીતિ પ્રવર્તાવી. હા...હા...તેં આવું કર્યું ? આટલું કહેવાથી પણ તે સમયના યુગલિયા ઉપર ઘણી અસર થતી. તેઓ અકાર્યથી અટકી જતા હતા. વિમલવાહનનો પુત્ર ચક્ષુષ્માન બીજો કુલકર થયો. ચક્ષુષ્માનનો પુત્ર યશસ્વાન ત્રીજો કુલકર થયો. ત્રીજા કુલકર તેના સમયમાં હાકાર નીતિને ન માનનારાઓ માટે ''માકાર'' નીતિ પ્રવર્તાવી. ''મા..મા એટલે ન કર.. ન કર ! આ કાર્ય કરવા જેવું નથી.' એવું કહેવાથી એ સમયના લોકો એને સજા માનતા અને અકાર્યથી અટકી જતાં. યશસ્વાનને અભિચંદ્ર પુત્ર થયો જે ચોથો કુલકર થયો. પાંચમો કુલકર અભિચંદ્રનો પુત્ર પ્રસેનજિત થયો. એના સમયમાં એણે ''હાકાર અને માકાર''નીતિને ન માનનારાઓ માટે 'ધિક્કાર' નીતિ પ્રવર્તાવી. ''આવા કાર્ય કરનાર તને ધિક્કાર છે'' આવું કહેવા માત્રથી એ સમયના યુગલિયા ઘણા જ શરમાઈને શ્યામ મુખવાળા થઈ જતા હતા. પાંચમા કુલકર પ્રસેનજિતનો પુત્ર મરૂદેવ છઠ્ઠો કુલકર થયો એના સમયમાં ત્રણે નીતિઓ હતી. મરૂદેવના પુત્ર નાભિ સાતમા કુલકર થયા.

નાભિ કુલકરના પત્ની મરૂદેવા માતાના ઉદરમાં પ્રભુ ચૌદ સ્વપ્ન સુચિત આવ્યા. પ્રથમ સ્વપ્નમાં મરૂદેવા માતાએ બળદ જોયો. એ સમયે સ્વપ્નપાઠક ન હોવાથી નાભિ કુલકરે જ સ્વપ્નના અર્થ કહ્યા. ચૈત્ર (ગુજરાતી ફાગણ) વદ આઠમના નવમાસ પૂર્ણ થતાં મરૂદેવા માતાએ પુત્રરત્નને જન્મ આપ્યો.

પ્રભુ ઋષભદેવ અત્યંત રૂપવાન, સૌભાગ્યશાળી, સૌમ્ય આકૃતિવાળા, શીતલ મુખવાળા હતા. સર્વ યુગલિયાઓમાં વિશેષ શોભતા હતા. પ્રભુને જ્યારે ભોજનની ઈચ્છા થતી ત્યારે દેવોએ અમૃતથી સિંચેલા

અંગૂઠાને મુખમાં નાંખી ચુસતા હતા. બીજા પણ તીર્થંકરો બાલ્યાવસ્થામાં આ પ્રમાણે જ કરતા. પછી ભોજનમાં રાંધેલું અનાજ જ ખાતા હતા. પરંતુ ઋષભદેવે દીક્ષા લીધી ત્યાં સુધી દેવોએ લાવેલા દેવકુરુ અને ઉત્તરકુરુના કલ્પવૃક્ષના ફળોનો જ આહાર કર્યો છે.

આજે જે સમાજ વ્યવસ્થા છે એનો પ્રારંભ પ્રભુ ઋષભદેવના સમયમાં થયો છે.

## વંશ સ્થાપના

શ્રી ઋષભદેવ પ્રભુ જ્યારે એક વરસના થયા ત્યારે ઇન્દ્રને વિચાર આવ્યો પ્રથમ તીર્થંકરના વંશની સ્થાપના કરવાનો મારો આચાર છે. મારે એ માટે પ્રભુ પાસે જવું જોઇએ. એમ વિચારી પ્રભુ પાસે ખાલી હાથે કેમ જાઉં ? એમ ધારીને હાથમાં શેરડીનો સાઠો લઇને ગયા. પ્રભુ નાભિ કુલકરના ખોળામાં બેઠાં હતા. ઇન્દ્રના હાથમાં શેરડીનો સાઠો જોઇ એને લેવા હાથ લંબાવ્યો. એટલે ઇન્દ્રે તમે શેરડી ખાશો ? એમ કહીને બાળ પ્રભુને શેરડીનો સાઠો આપ્યો અને કહ્યું - ''પ્રભુને શેરડી એટલે ઇક્ષુની ઇચ્છા થઇ તેથી પ્રભુનો ઇક્ષ્વાકુ વંશ થાઓ.'' એવી રીતે પ્રભુના વંશની સ્થાપના કરી. પ્રભુનું કાશ્યપ ગોત્ર હતું.

## અવસર્પિણીનું પ્રથમ લગ્ન

એકદા એક યુગલને તાડના વૃક્ષ નીચે સુવાડીને એના માતા પિતા અન્યત્ર ગયા. તાડનું ફળ અચાનક નીચે સુતેલા પુરુષ ઉપર પડ્યો અને તેથી તેનું મૃત્યું થયું. આ અવસર્પિણી કાળનું આ પ્રથમ અકાળ મરણ જાણવું. કન્યાના પિતા-માતા પણ મૃત્યુ પામ્યા. કન્યા એકલી જંગલમાં ભટકવા લાગી. યૌવનને પામેલી,

સ્વરૂપવાન કન્યાને લઈને યુગલિયાઓ નાભિ કુલકર પાસે આવ્યા. નાભિ કુલકરે એને પોતાની પાસે રાખીને એ ઋષભની પત્ની થશે એમ કહ્યું. પ્રભુ સુનંદા અને સુમગંલા સાથે મોટા થવા લાગ્યા. પ્રભુ વિવાહ યોગ્ય થયા એટલે ઈન્દ્ર મહારાજાને ફરી પોતાના કર્તવ્યનું સ્મરણ થાય છે. પ્રથમ પ્રભુનો વિવાહ કરવો એ મારો આચાર છે, એમ વિચારી અનેકાનેક દેવદેવીઓ સાથે ત્યાં આવે છે. વર સંબંધિ કર્તવ્ય પોતે કરે છે... કન્યા સંબંધિ કર્તવ્ય દેવીઓ કરે છે. એવી રીતે પ્રથમ વિવાહ સંપન્ન થયો. સમય વીતતા પ્રભુને સુમંગલાથી ભરત-બ્રાહ્મીરુપ યુગલ પ્રાપ્ત થયું અને સુનંદાથી બાહુબલી અને સુંદરીરુપ યુગલ થયું પછી સુમંગલાથી બીજા ઓગણ પચાસ પુત્રરુપ યુગલો પ્રાપ્ત થયા.

## પ્રભુનો રાજ્યાભિષેક

સમય જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ માનવીના માનસ ઉપર કાળની અસર થવા લાગી. સરળતા ઘટવા લાગી... વિષય-કષાયોનું જોર વધવા લાગ્યું... ધીરે ધીરે માયા-કપટ આદિની વૃદ્ધિ થવા લાગી. માનવી ‘હકાર-મકાર કે ધિક્કાર નીતિને માનતા નથી. એવા સમયે યુગલિકો ફરીયાદ લઇને પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ યુગલિકોની વાત સાંભળી એમને કહ્યું હવે તમને ગુનેગારને સજા કરે, કાયદા-કાનુન બનાવે એવા રાજાની આવશ્યકતા છે. તમે નાભિ કુલકર પાસે જઇને એવા રાજાની માંગણી કરો. યુગલિકો નાભિ કુલકર પાસે ગયા. પોતાના મનની વાત જણાવી રાજાની માંગણી કરી. નાભિ કુલકરે કહ્યું – ‘‘ઋષભ તમારો રાજા થાઓ.’’

એ સમયે ઇન્દ્ર મહારાજા રાજ્યાભિષેકનો અવસર જાણી આવ્યા. ઇન્દ્ર મહારાજે એક વેદિકા રચાવી... એના ઉપર સિંહાસન સ્થાપી દેવોએ આણેલા તીર્થ જળથી પ્રભુનો રાજ્યાભિષેક કર્યો.. યુગલિયાઓ કમળના પાંદડામાં પાણી લઇને આવ્યા... પ્રભુને દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતા જોઇને મસ્તકે પાણી રેડવું યોગ્ય નથી એમ સમજીને પ્રભુ ચરણો પર પાણી રેડી દીધું. યુગલિયાઓનો વિનય જોઇને અત્યંત ખુશ થયેલા ઇન્દ્રે કુબેરને આજ્ઞા આપી કે તમે વિનીતા નગરી બનાવો અને વસાવો. કુબેરે તરત સુવર્ણ-રત્નાદિના ઘરોવાળી... કિલ્લાવાળી બાર યોજન લાંબી, નવ યોજન પહોળી વિનિતા નગરી બનાવી. હાથી-ઘોડા-ગાય-બળદો વગેરેનો સંગ્રહ કરાવ્યો. રાજ્ય વ્યવસ્થા માટે ઉગ્ર ભોગ, રાજ્ય અને ક્ષત્રિય કુળોની સ્થાપના પ્રભુએ કરી.

## કળાઓની ઉત્પત્તિ

હવે કલ્પવૃક્ષોની હાનિ થવા લાગી. કલ્પવૃક્ષોના ફળો દુર્લભ બન્યા. ઇક્ષ્વાકુ વંશના માણસો શેરડી ખાઇને જીવન નિભાવવા લાગ્યા. બીજા બધા વૃક્ષના પાંદડા-ફળ-ફૂલ ખાઇને જીવન વીતાવી રહ્યા છે. અગ્નિ ન હોવાથી અનાજ રાંધીને ખાવાનું હતું નહિં. અનાજ લુખું ખાવાથી પચતું નથી... થોડું થોડું ખાવા લાગ્યા.. તો પણ પચતું નથી. પછી પ્રભુના કહેવાથી મસળીને... ફોતરા કાઢીને ખાવા લાગ્યા તો પાણીમાં પલાળીને ખાવા લાગ્યા... છતાં અજીર્ણ થવા લાગ્યું.

હવે એકદા ઝાડોના પરસ્પર ઘસાવાથી અગ્નિ ઉત્પન્ન થયો. આ કોઇ નવું રત્ન ઉત્પન્ન થયું છે એમ માની યુગલિયાઓ એને લેવા જાય છે તો એમના હાથ બળવા લાગ્યા. એમના માટે આ નવો અનુભવ હતો. બધા

ગયા પ્રભુ પાસે પ્રભુને ફરીયાદ કરી. પ્રભુએ અગ્નિની ઉત્પત્તિ જાણીને યુગલિયાઓને કહ્યું – ''તમે એ ઉત્પન્ન થયેલા અગ્નિમાં ચોખા વિગેરે અનાજ/ઔષધિ નાંખી પકાવીને પછી ખાઓ.''

કલ્પવૃક્ષની પાસે જેમને માંગવાની આદત છે એવા યુગલિયા ચોખા વગેરે અગ્નિમાં નાંખીને એની પાસે પાછા માંગે છે. અગ્નિ કશું જ પાછું આપતો નથી. તેથી યુગલિયા ફરી પ્રભુ પાસે આવીને વાત કરે છે. – ''એ તો કોઇ મહાપિશાચ છે. બધું પોતે જ ખાઇ જાય છે. અમને કાંઇ પણ આપતો નથી.''

હાથી ઉપર બેઠેલા પ્રભુએ કહ્યું – ''અરે યુગલિકો ! ઔષધિઓ એમને એમ અગ્નિમાં ન નંખાય... કોઇ પાત્રમાં નાંખી અગ્નિમાં પકાવવી પછી પકાયેલી ઔષધિઓ ખાવાથી પાચન બરાબર થશે.''

એમ કહી માટીનો પિંડ મંગાવી હાથીના કુંભસ્થળ ઉપર એ પિંડને મૂકીને તેમાંથી વાસણ બનાવવાની કુંભારની પ્રથમ કળા શિખવાડી. એ પ્રમાણે વાસણ બનાવી અગ્નિમાં અનાજ પકાવીને ખાવાનું કહ્યું. રસોઇકળા પણ શિખડાવી. કુંભારની કળા પછી લુહારની, ચિત્રકારની, વણકરની અને નાપિત (હજામ)ની એમ પાંચ શિલ્પકળાઓ શિખવાડી. આ પાંચ મૂળ કળાઓના વીસ-વીસ ભેદ થવાથી કળાના કુલ સો ભેદ થયા.

પ્રભુએ વીસ લાખ વર્ષ કુમાર અવસ્થામાં તથા ત્રેસઠ લાખ પૂર્વ વરસ રાજ્ય અવસ્થામાં વીતાવ્યા એમાં એમણે પુરુષની બહુંતેર કળાઓ તથા સ્ત્રીઓની ચોસઠ કળાઓ અને સો શિલ્પ પ્રજાના હિતાર્થે બતાવ્યા.

લેખનકળા અંતર્ગત અઢાર લિપીઓ જમણા હાથે બ્રાહ્મીને શિખવી.

એક, દશ, સો, હજાર, લાખ, દશ લાખ, કોટિ, દશ કોટિ, અજબ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ,

જલધિ, અંત્ય, મધ્ય અને પરાર્ધ્ય એવી રીતે અનુક્રમે દશ-દશ સંખ્યાવાળુ ગણિત પ્રભુએ ડાબે હાથે સુંદરીને શીખવ્યું. ભરતને કાષ્ટકર્મ અને બાહુબલીને પુરુષ વગેરેના લક્ષણ શીખવ્યા.

## દીક્ષાની દિવ્યતા

પ્રભુએ પોતાના સો પુત્રોને સો રાજ્યો પર સ્થાપ્યા. ભરતને વિનીતાનું મુખ્ય રાજ્ય આપ્યું. તથા બાહુબલીને બહલી દેશમાં તક્ષશિલાનું રાજ્ય આપ્યું.

હવે પ્રભુને વિનંતિ કરવાના આચારવાળા નવ લોકાંતિક દેવો પ્રભુ પાસે આવે છે અને પ્રાર્થના કરે છે - ''હે જગતવત્સલ ! હે સમૃદ્ધિવંત ! આપ જય પામો... વિજય પામો ! હે નાથ, જગતના સર્વ જીવોનું મંગલ-કલ્યાણ કરનારું એવું ધર્મતીર્થ પ્રવર્તાવો.'' અવધિજ્ઞાનથી પોતાના દીક્ષા અવસરને જાણનાર ઋષભદેવે વરસીદાન આપવાનો પ્રારંભ કર્યો. ચૈત્ર (ગુજરાતી ફાગણ) વદિ અષ્ટમીના સુદર્શના નામની શિબિકામાં બેસી મનુષ્ય-દેવ-અસુરોથી પરિવરેલા પ્રભુ વિનીતા નગરીના મધ્ય-મધ્ય ભાગથી નિકળીને નગરની બહાર સિદ્ધાર્થ નામના ઉદ્યાનમાં આવ્યા. ત્યાં અશોક વૃક્ષની નીચે પ્રભુ શિબિકામાંથી નીચે ઉતર્યા. પોતાના હાથે વસ્ત્ર અને અલંકાર દૂર કર્યા... ચારમુષ્ઠિ લોચ કર્યો... ઇન્દ્રે આપેલા એક દેવદુષ્ય વસ્ત્રને ખભે રાખીને, જળપાન વિનાના છઠ્ઠ તપથી, ચાર હજાર પુરુષોની સાથે દ્રવ્ય ભાવ લોચ કરીને ગૃહવાસમાંથી નિકળેલા પ્રભુએ સાધુપણાનો સ્વીકાર કરવા ''કરેમિ સામાઇયં'' પચ્ચક્ખાણનો સ્વીકાર કર્યો.

બધા તીર્થંકરોએ પંચમુષ્ટિ લોચ કર્યો તો ઋષભદેવે ચાર મુષ્ઠિ લોચ કેમ કર્યો ? પ્રભુએ જ્યારે ચાર મુષ્ઠિ

લોચ કર્યો ત્યારે એક મુષ્ટિ વાળ પ્રભુના ખભા ઉપર સુંદર દેખાતા હતા. પ્રભુના સુવર્ણ સમાન વર્ણવાળા ખભા ઉપર સુવર્ણ કળશ ઉપર નીકલકળની માળાની જેમ શોભતા હતા. તેથી ઈન્દ્ર મહારાજાને અતિ આનંદ આવ્યો. ઈન્દ્રે પ્રભુને વિનંતી કરી ''હે પ્રભુ ! આટલા વાળ રહેવા દ્યો તો સારું.'' પ્રભુજીએ ઈન્દ્રની વિનંતિ માન્ય રાખી. પાંચમી મુષ્ટિ રહેવા દીધી. તેથી ઋષભદેવે ચારમુષ્ઠિ લોચ કર્યો એમ કહેવાય છે.

## તાપસ પંથ પ્રારંભ

પ્રભુ સાધુ બનીને ઘોર અભિગ્રહ ધારણ કરીને ગામોગામ વિચરવા લાગ્યા. ચાર હજાર સાધુઓ પણ પ્રભુ સાથે વિચરવા લાગ્યા. એ સમયે બધા જ રિદ્ધિ-સિદ્ધિવાળા હતા. કોઈ ભિક્ષાચરો ન હતા. ભિક્ષા-ગોચરી શું છે ? ભિક્ષા કેમ અપાય ? ભિક્ષામાં શું અપાય ? એવું જ્ઞાન કોઈને ન હતું. તેમજ ભિક્ષા કેવી રીતે લેવી ? શું ખાવું ? એનું જ્ઞાન પણ ચાર હજાર સાધુઓને ન હતું ? ભગવાનને પૂછવા લાગ્યા, પણ પ્રભુ મૌનધારી હતા. પ્રભુ પાસેથી જવાબ ન મળ્યો... ભૂખ સહન થતી નથી... ભરતના ભયથી ઘેર પાછા જવાનું પણ યોગ્ય ન લાગ્યું. તેથી વનવાસ ભોગવવો જ રહ્યો એમ વિચારી પ્રભુનું ધ્યાન કરતાં સાધુઓ ગંગાને કાંઠે ખરી ગયેલાં પત્ર-પુષ્પ-ફલ વિગેરેને ખાનારા જટાધારી તાપસ બન્યા.

## વિદ્યાધર નગરોમાં નિવાસ

કચ્છ-મહાકચ્છના નમિ-વિનમિ નામે બે પુત્ર હતા. પ્રભુએ જ્યારે દીક્ષા લીધી બધાને રાજ્યભાગ આપ્યો ત્યારે તે પરદેશ ગયા હતા. જ્યારે આવ્યા ત્યારે ભરત મહારાજા એ બન્નેને રાજ્ય ભાગ આપવા તૈયાર

થયા. પરંતુ બન્ને નમિ-વિનમિએ એનો અસ્વીકાર કરી પ્રભુ પાસે આવ્યા. પ્રભુની સન્મુખ પાણીનો છંટકાવ કરી ગોઠણ સુધી પુષ્પ પાથરી, પંચાંગ પ્રણામ કરી પ્રભુ પાસે રાજ્યભાગની માંગણી કરવા લાગ્યા. પ્રભુ તો પોતાના કાયોત્સર્ગમાં લીન રહેતા. પરંતુ નમિ-વિનમિ પ્રભુની નિત્ય ભક્તિ કરતા. એકદા પ્રભુને વંદન કરવા આવેલા ધરણેન્દ્રે તેમની ભક્તિ જોઇ. પ્રસન્ન થયા. ધરણેન્દ્રે નમિ-વિનમિને કહ્યું - 'હે નમિ-વિનમિ ! પ્રભુએ તો સર્વસ્વનો ત્યાગ કર્યો છે તેઓ નિસ્સંગ છે, એમની પાસે રાજ્ય ન મંગાય. હું તમને રાજ્ય આપીશ.''એમ કહીને ધરણેન્દ્રે એમને ગૌરી-ગાંધારી-રોહીણી અને પ્રજ્ઞપ્તિએ ચાર મહાવિદ્યાઓ આપી અને કહ્યું - ''આ વિદ્યાઓથી તમે વિદ્યાધરોની સમૃદ્ધિને પામ્યા છો. તમે તમારા સ્વજન - પરિવારો સહિત વૈતાઢ્ય પર્વતની ઉપર જાઓ ત્યાં દક્ષિણ શ્રેણીમાં ગૌરેય - ગાંધાર પ્રમુખ આઠ નિકાયોને તથા રથનૂપુર - ચક્રવાલ વિગેરે પચાસ નગરોને તથા ઉત્તરશ્રેણીમાં પંડકવંશાલય વિગેરે આઠનિકાયોને અને ગગનવલ્લભાદિ સાઠ નગરોને વસાવીને રહો.''

અત્યંત હર્ષિત થયેલા... પોતાને કૃતાર્થ માનતા નમિ-વિનમિ પોતાના સ્થાને આવી માતા-પિતા તેમજ ભરત ચક્રવર્તીને સર્વ વૃત્તાંત જણાવે છે. પછી દક્ષિણ શ્રેણીમાં નમિ અને ઉત્તરશ્રેણીના વિનમિ નિવાસ કરીને રહે છે. એવી રીતે વિદ્યાધરોની ઉત્પત્તિ થઇ.

## પ્રથમ સુપાત્રદાન

રિદ્ધિ - સિદ્ધિ - સંપત્તિ - ઐશ્વર્ય અને સમૃદ્ધિથી ભરપુર એ સમયના લોકો હતા. પરંતુ એમની પાસે

ભિક્ષાચર્યાનું જ્ઞાન ન હતું. તેથી ગામો ગામ વિહાર કરતા પ્રભુ ભિક્ષા સમયે જ્યારે ઘેર-ઘેર જતા, ત્યારે નગરના લોકો એમને હિરા-મોતી-સોનાના આભુષણ, વસ્ત્ર, કન્યાઓ આપવા લાગ્યા પરંતુ કોઈ એમને ખાવાના પદાર્થ વહોરાવતા નથી. પ્રભુના ઉપવાસ ઉપર ઉપવાસ થવા લાગ્યા... મહિના ઉપર મહિના વીતતા ગયા... વરસ વત્તી ગયું... પ્રભુને આહાર ન મળ્યો. એમ વિચરતા વિચરતા પ્રભુ કુરુદેશમાં... હસ્તિનાપુર નગરીમાં પહોંચ્યા. ત્યાં બાહુબલિનો પુત્ર સોમપ્રભનો પુત્ર શ્રી શ્રેયાંસ યુવરાજ હતો.

પ્રભુનું અંતરાય કર્મ ક્ષીણ થવા આવ્યું... પ્રભુ નગરીમાં પધાર્યા તે રાત્રીએ શ્રેયાંસકુમારે એવું સ્વપ્ન જોયું કે - **'મેરુ પર્વત શ્યામ વર્ણનો થઈ ગયો છે. મેં એને અમૃત કળશથી સિંચન કર્યો તેથી તે સોનાનો મેરુ અત્યંત તેજસ્વી બનીને શોભવા લાગ્યો.'**

ત્યાંના સુબુદ્ધિ શેઠને સ્વપ્ન આવ્યું કે - **'સૂર્ય મંડળથી હજાર કિરણો ખરી પડ્યા જેથી સૂર્ય નિસ્તેજ બન્યો. શ્રેયાંસે ખરી પડેલા કિરણો ફરી સૂર્યમાં જોડી દીધા. તેથી સૂર્ય વધારે તેજથી ચમકવા લાગ્યો.'**

ત્યાંના રાજાને સ્વપ્ન આવ્યું કે - **'એક મહાપુરુષ શત્રુના સૈન્ય સાથે લડતાં થાકી ગયો હતો તે શ્રેયાંસની સહાયતાથી વિજયી બન્યો.'**

રાજ્યસભામાં ત્રણે જણાએ પોતાના સ્વપ્ન જણાવ્યા. સ્વપ્નો ઉપર ચર્ચા થઈ અંતે રાજાએ કહ્યું - **''શ્રેયાંસને નિશ્ચિતતાથી કોઈ મોટા લાભ થશે.''**

રાજ્યસભાનું વિસર્જન થયું. બધા પોતપોતાના સ્થાને ગયા. શ્રેયાંસ પોતાના મહેલમાં ગયો. મધ્યાહ્નના

સમયે શ્રેયાંસકુમાર મહેલના ઝરોખે ઉભા છે. નગરની શોભા નિહાળી રહ્યા છે. ત્યાં અચાનક કોલાહલ થયો. નગરજનોનો અવાજ આવ્યો 'પ્રભુ કાંઇ લેતા નથી... પ્રભુ કાંઇ લેતા નથી...' શ્રેયાંસકુમારે ત્યાં નજર કરી પ્રભુને જોયા... અંદરમાં હલચલ મચી... આવો વેશ મેં ક્યાંક જોયો છે.. ક્યાંક જોયો છે. આવો વિચાર કરતાં શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વભવ જોયો. અહો... અહો પૂર્વભવમાં હું પ્રભુના રથનો સારથી હતો. મેં પ્રભુ સાથે વજ્રસેન તીર્થંકર પાસે દીક્ષા લીધી હતી. ત્યારે વજ્રસેન તીર્થંકરે કહ્યું હતું કે આ વજ્રનાભ ભરત ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકર થશે. તે આજ પ્રભુ છે.'

એજ સમયે કોઇ વ્યક્તિ શેરડીના રસના ઘડા લઇને આવી. એણે શ્રેયાંસકુમારને આ ઘડાઓ ભેટ ધર્યા. આ પ્રભુ માટે કલ્પ્ય - સુઝતો આહાર છે એમ જાણી એક ઘડો લઇ શ્રેયાંસકુમાર પ્રભુ પાસે આવ્યા અને આ સુઝતા આહારનો સ્વીકાર કરો એવી વિનંતિ કરી. પ્રભુએ યોગ્ય આહાર જાણી બે હાથની અંજલી કરી ઉચ્ચ ભાવોથી શ્રેયાંસે પ્રભુને ઇક્ષુરસથી ચારસો ઉપવાસનું પારણું કરાવ્યું. શ્રેયાંસ કુમારને મળેલા અકલ્પનીય - અમુલ્ય લાભથી એની આંખોમાંથી હર્ષનો આંસુધારી વહેવા લાગી... ઉદયમાં ધર્મરૂપી વૃક્ષ પણ વૃદ્ધિ પામ્યું... પાંચ દિવ્ય પ્રગટ થયા... વસુવૃષ્ટિ, વસ્ત્રવૃષ્ટિ, દેવદુંદુભિનો નાદ, ગંધોદકપુષ્પ વૃષ્ટિ અને અહોદાન-અહોદાનની ઉદ્‌ઘોષણા થઇ.

આ અવસર્પિણી કાળમાં શ્રેયાંસકુમારના શુભ હસ્તે સુપાત્રદાનનો પ્રારંભ થયો. પ્રથમ સુપાત્ર દાનનો લાભ પામી શ્રેયાંસકુમાર ધન્ય બન્યા. બધા નગરજનો ભેગા થયા ત્યારે શ્રેયાંસકુમારે કહ્યું - 'આવી રીતે સુપાત્ર

દાન અપાય.' નગરજનોએ શ્રેયાંસકુમારને પૂછ્યું – 'તમે આ કેવી રીતે જાણ્યું ?' ત્યારે શ્રેયાંસકુમારે પોતાનો પ્રભુ સાથેનો આઠ ભવનો સંબંધ કહ્યો –

૧. પ્રભુ જ્યારે બીજા ઇશાન દેવલોકમાં લલિતાંગ નામે દેવ હતા ત્યારે હું નિર્નામિકા નામે સ્વયંપ્રભા દેવી હતી.
૨. ત્યાંથી પ્રભુ પૂર્વ મહાવિદેહમાં પુષ્કલાવતી વિજયને વિષે લોહાર્ગલ નગરમાં પ્રભુ વજ્રજંઘ હતા ત્યારે હું તેમની શ્રીમતિ નામે સ્ત્રી હતો.
૩. ત્યાંથી ઉત્તરકુરુમાં ભગવાન યુગલિક અને હું યુગલિકિની હતો.
૪. ત્યાંથી અમે બન્ને સૌધર્મ દેવલોકમાં મિત્રદેવ થયા.
૫. ત્યાંથી પ્રભુ અપરવિદેહમાં વૈદ્યપુત્ર હતા તે વખતે હું જીર્ણ શેઠનો પુત્ર કેશવ તેમનો મિત્ર હતો.
૬. ત્યાંથી અમે બન્ને જણા અચ્યુત દેવલોકમાં દેવતા હતા.
૭. ત્યાંથી પુંડરીકિણી નગરીમાં ભગવાન વજ્રનાભ હતા અને હું એમનો સારથિ હતો.
૮. ત્યાંથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં અમે બન્ને દેવતા હતા.

અહિં આ ભવમાં હું એમનો પ્રપૌત્ર છું.

શ્રેયાંસકુમારના ભવ સાંભળી બધા એની પ્રશંસા કરવા લાગ્યા. ઋષભદેવ સમાન પાત્ર-ઇક્ષુરસ સમાન દાન અને શ્રેયાંસ સમાન ભાવની ભાવના ભાવતા સહુ પોતપોતાના સ્થાને ગયા.

પ્રભુને સવાતેર મહિના સુધી આહાર પાણી ન મળ્યા એના પાછળનો વૃત્તાંત એમ કહેવાય છે કે એકદા

શેઠના ભવમાં ભગવાનના જીવે કોઈ કણબીને બળદ સાથે ખળામાં જુવારને કચરતો જોયો. બળદ નીચે નમીને જુવાર ખાતા હતા એટલે કણબી એમને મારતો હતો. શેઠને બળદોની દયા આવી તેથી એમણે કણબીને સલાહ આપી 'તું બળદોને માર નહિં પણ એમના મોઢે સિકિયું બાંધી દે. જુવારમાં મોઢું નહીં નાંખે તારે મારવાની જરૂર નહીં પડે. કણબીએ સિંકિયું તો બાંધ્યું પણ પછી છોડવાનું ભુલાઈ ગયું. બળદો બાર પ્રહર (૩૬ કલાક) સુધી ભુખ્યા રહ્યા. પ્રભુના જીવને અંતરાય કર્મનો બંધ થયો એ કર્મ પ્રભુને આ ભવમાં ઉદયમાં આવ્યું. પ્રભુને ચારસો દિવસ સુધી આહાર પાણી ન મળ્યા. ખરેખર કોઈ પણ જીવને ક્યારે પણ અંતરાય ન નાખવો જોઈએ. કર્મ બાંધવા સહેલા છે ભોગવવા ઘણા જ કઠિન છે. સાવધાન બની જઈએ.

## ધર્મચક્ર તીર્થ

પ્રભુ વિચરતા વિચરતા એકદા સંધ્યાના સમયે તક્ષશીલા નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાન પાલકે બાહુબલીને સમાચાર આપ્યા. બાહુબલીએ વિચાર કર્યો આવતી કાલે સવારે મારા ત્રણ લાખ પુત્રોના પરિવાર સાથે સુંદર સામૈયું કરીને પ્રભુને વંદન કરવા જઈશ. એમ વિચારી તૈયારી કરી. નગરને શણગાર્યું. સવારના બધાને લઈને પ્રભુને વંદન કરવા ગયા તો ઉદ્યાન પાલકે કહ્યું - ''પ્રભુ રાત્રી કાયોત્સર્ગ ધ્યાનમાં રહ્યા અને સવારના વિહાર કરી ગયા.''

બાહુબલીને પોતાના પ્રમાદ માટે પશ્ચાતાપ થયો. એણે પ્રભુના પગલા અનુસાર હાથી દોડાવ્યો પરંતુ પ્રભુ ન મળ્યા. દૂરથી પ્રભુના મસ્તકના શિખાની કાંતિ જોઈને બાહુબલીએ પાંચવાર પ્રભુને સાદ કર્યો તેથી બાંગ

પોકારવાની પદ્ધતિ પ્રગટ થઈ. પ્રભુ રાત્રીએ જ્યાં કાયોત્સર્ગ રહ્યા હતા ત્યાં બાહુબલીએ પિઠિકા બનાવી અને રત્નના પગલાની ત્યાં સ્થાપના કરી ત્યાં ધર્મચક્ર તીર્થ પ્રસિદ્ધ થયું. હાલ એ સ્થાન મક્કાના નામે ઓળખાય છે.

## પ્રભુને કેવલજ્ઞાન

ઋષભદેવ પ્રભુ એક હજાર વર્ષ સુધી છદ્મસ્થ અવસ્થામાં શરીર ઉપરની મમતા વોસરાવિને કાયોત્સર્ગમાં રહ્યા. ફાગણ વદ એકાદશીના દિવસે પુરીમતાલ નગરની બહાર શકટમુખ નામના ઉદ્યાનમાં સવારના સમયે વડવૃક્ષની નીચે... જલપાન રહિત ચોવિહાર અઠ્ઠમ તપમાં રહેલા પ્રભુને... ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં... શુક્લ ધ્યાનના મધ્યભાગમાં રહેલા પ્રભુને અનંત એવું કેવલજ્ઞાન અને અનંત એવું કેવલદર્શન પ્રાપ્ત થયું. પ્રભુ સર્વ જીવોના સર્વ ભાવોને જાણનારા થયા.

## મોહની વિચિત્રતા

જે સમયે પ્રભુને કેવળજ્ઞાન થયું એજ સમયે આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ. ભરત મહારાજાને બે બાજુથી બે વધાઈ મળી. સંસારમાં મોહ અને તૃષ્ણાની બહુલતાને કારણે ભરત મહારાજા ક્ષણવાર વિચારમાં પડ્યા શું કરું ? પ્રથમ કેવલજ્ઞાની પિતાની પૂજા કરું કે ચક્રની પૂજા કરું ? ચરમ શરીરી... પ્રભુના પુત્રને પણ ક્ષણવાર મોહ સતાવી ગયો તો આપણા જેવાની શું હાલત થાય? ક્ષણવારમાં ભરત મહારાજા સાવધાન બન્યા. આવા વિચાર માટે પશ્ચાતાપ કરવા લાગ્યા. પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ તો આલોક અને પરલોકમાં પણ કલ્યાણકારી છે જ્યારે ચક્ર મહોત્સવ તો આલોકના ભૌતિક પ્રાપ્તિ માટે જ છે. તેથી કેવળજ્ઞાનીની પૂજા–

મહોત્સવમાં ચક્રરત્નની પૂજા અને મહોત્સવ બન્ને સમાઇ જાય છે. આવો નિર્ણય કરી રોજ ઓલંભા આપતા અને પુત્ર વિયોગમાં આંખોની રોશની ગુમાવી બેઠેલા મરુદેવા માતાને હાથીની અંબાડીએ બેસાડીને પોતાની સર્વ સમૃદ્ધિ સાથે પ્રભુને વંદન કરવા ચાલ્યા. ભરત મહારાજા સમવસરણની પાસે પહોંચ્યા ત્યારે મરુદેવા માતાને કહેવા લાગ્યા – 'હે માતાજી ! તમારા પુત્રની સમૃદ્ધિ જુઓ.'

ભરતના વચન સાંભળી અત્યંત હર્ષિત થયેલા મરુદેવા માતાના આંખોમાંથી હર્ષાશ્રુની ધારા વહેવા લાગી અને એ ધારામાં નેત્રનો વિકાર નાશ પામ્યો. મરુદેવા માતાના નેત્રની રોશની પ્રગટ થઇ. અષ્ટ પ્રાતિહાર્યની લક્ષ્મીને જોઇને મરુદેવા માતા આશ્ચર્યમુગ્ધ બન્યા અને વિચારવા લાગ્યા – ''મોહમાં અંધ બનેલા આ જીવને ધિક્કાર છે. જગત સ્વાર્થી છે. સ્વાર્થને માટે જ એક બીજાને સ્નેહ કરે છે. સ્વાર્થ સરી જાય એટલે કોઇ કોઇનું સગું નથી.

**પુત્ર પુત્ર કહી રડી અંધ થઇ, પૂછું સુત સમાચાર;**
**કેમ હશે વન જંગલે ભૂખ્યો, તપસ્યો શીતા તપધાર... જિન.**
**સમાચાર નહીં કોઇએ દીધા, થઇ ગયા વર્ષ હજાર;**
**સુખી પુત્રે સુખ ખબર ન દીધા, ધિક્ ધિક્ આ સંસાર...જિન.**

સંસારના સ્વરૂપનો વિચાર કરતા... એકત્વ ભાવના ભાવતાં આ મરૂદેવા માતા ઘાતી અઘાતી કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન અને નિર્વાણ પામ્યા. અંતગડ કેવલી બન્યા.

ખરેખર આ વિશ્વમાં ઋષભ જેવો પુત્ર નથી જેણે હજાર-હજાર વરસ સુધી સાધના કરીને મેળવેલું કેવળજ્ઞાન માતાને આપી દીધું અને મરૂદેવા જેવી માતા નથી જે પુત્રની મુક્તિરૂપી વધૂને જોવા માટે પુત્રથી પહેલા મુક્તિપુરીમાં જઇને વસ્યા.

આ અવસર્પિણી કાળમાં પ્રથમ મોક્ષમાં ગયેલા મરૂદેવા માતાના દેહને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યો અને મહા મહોત્સવ કર્યો. ભરત મહારાજાએ સમવસરણમાં પુષ્કરિણી વાવમાં સ્નાન કરી પ્રભુને વંદના કરી પ્રભુએ દેશના ફરમાવી તે દેશના સાંભળી ભરત મહારાજાના પાંચસો પુત્ર અને સાતસો પૌત્રોએ દીક્ષા લીધી. એમાંથી ઋષભસેનાદિ ચોર્યાસીને પ્રભુએ ગણધર પદે સ્થાપ્યા. એમને ત્રિપદી આપી... એમણે દ્વાદશાંગીની રચના કરી. ભરત મહારાજા પ્રભુ શાસનના પ્રથમ મુખ્ય શ્રાવક બન્યા. બ્રાહ્મી પ્રથમ સાધ્વી બન્યા અને સુંદરીને ભરત મહારાજાએ દીક્ષાની અનુમતી ન આપતાં તેઓ પ્રથમ શ્રાવિકા બન્યા. આવી રીતે પ્રભુએ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરી. કચ્છ અને મહાકચ્છ વિના પ્રભુ સાથે દીક્ષા લેનાર બધા જ પ્રભુ પાસે આવ્યા અને પ્રભુ ચરણે સમર્પિત થઇ સાધુ થયા. ભરત રાજા સહિત બધા પ્રભુને વંદન કરી પોતપોતાને સ્થાને ગયા. પ્રભુ અન્યત્ર વિહાર કરી ગયા.

હવે ભરત મહારાજા ચક્રની પૂજા કરી સૈન્ય સાથે છ ખંડને જીતવા પ્રયાણ કર્યું. છ ખંડને જીતીને આવતાં ભરત મહારાજાને કેટલો સમય લાગ્યો ? કર્યો છે કોઇ દિવસ વિચાર ? એક-બે નહિં... સો-બસો નહિં... હજાર-બે હજાર નહિં પરંતુ સાઇઠ-સાઇઠ હજાર વરસના વહાણા વીતી ગયા. છ ખંડ જીતીને ભરત

મહારાજા પોતાની નગરીમાં પાછા ફર્યા. એમનું સુંદર સ્વાગત થયું. બધા રાજાઓએ ભેગા થઈને એમનો રાજ્યાભિષેક કર્યો. ભરત મહારાજાનો સર્વત્ર જયજયકાર થયો.

ભરત રાજાએ સુંદરીને જોઈને અતિ દુર્બળ થઇ જવાનું કારણ પૂછ્યું. સુંદરીએ કહ્યું – ''પ્રભુ ઋષભદેવ પાસેથી મને જાણવા મળ્યું કે ચક્રવર્તીનું સ્ત્રી રત્ન છઠ્ઠી નારકીએ જાય છે. તેથી આપના પ્રયાણ સાથે મેં આયંબીલ તપની આરાધના કરી છે. આજે ૬૦,૦૦૦ સાઈઠ હજાર વર્ષ પૂર્ણ થયા છે. હવે જો તમે અનુમતી આપો તો હું દીક્ષા લઉં ?' ભરત મહારાજાએ રજા આપવાથી સુંદરીએ દીક્ષા લીધી.

છ ખંડને જીતીને આવ્યા છતાં ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશતું નથી તેનું કારણ પૂછતાં મંત્રીઓએ કહ્યું તમારા ભાઈઓ તમારી આજ્ઞા સ્વીકારે તો જ ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશે. એમ જાણીને ભરત મહારાજાએ અઠ્ઠાણું ભાઈઓને દૂત મોકલી આજ્ઞા સ્વીકારવા જણાવ્યું. અઠ્ઠાણું ભાઈઓ ભેગા મળ્યા. આપણે શું કરવું? આજ્ઞા સ્વીકારવી કે યુદ્ધ કરવું ? ચર્ચાના અંતે નક્કી થયું પ્રભુ પાસે જઈને પ્રભુ કહે તેમ કરીશું. આપણે ક્યાંય મુંઝાઈએ તો સલાહ કોની લઈએ ? પત્નીની – પુત્રની – વકીલની ? ધર્મ-ધર્મી કે સંતની ? અઠાણુ ભાઈઓ પ્રભુ પાસે ગયા. પ્રભુએ વૈતાલીય અધ્યયન સમજાવી ભૌતિક સમૃદ્ધિની ક્ષણભંગુરના જણાવી. આત્માનું શાશ્વત સુખ એજ સાચું સુખ છે એમ જણાવ્યું. અઠાણુ પુત્રોએ પ્રભુ પાસે દીક્ષા લઇ લીધી. ભરત મહારાજાને સમાચાર મળતાં દુઃખ-શોક થયો. હજી ચક્રરત્ન આયુધ શાળામાં પેસતું નથી. ત્યારે ફરી મંત્રીઓએ ભરત મહારાજાને કહ્યું – ''તમારો અત્યંત બળવાન એવો ભાઇ બાહુબલી અત્યંત અહંકારી છે. તેણે હજી આપની આજ્ઞા સ્વીકારી

નથી. તેથી ચક્રરત્ન આયુધશાળામાં પેસતું નથી.''

હવે ભરત મહારાજાએ પોતાના અતિ ચતુર એવા સુવેગ નામના દૂતને બાહુબલી પાસે મોકલ્યો. દૂતને ઘણા અપશુકન થયા. સુવેગ દૂત તક્ષશીલા નગરીમાં... બાહુબલીની રાજ્યસભામાં રજા મેળવી પ્રવેશ્યો. બાહુબલીએ વડિલ બંધુ અને એના સવા કરોડ પુત્ર પરિવારની કુશલતા પૂછી. દૂતે જવાબ આપતાં કહ્યું - 'એમની સેવામાં દેવો હાજર છે એટલે એમને અકુશળ ક્યાંથી હોય પરંતુ તમે વડિલ બંધુની સેવામાં હાજર ન થયા તેથી તે બધું જ નિષ્ફળ ગણે છે. હજી મોડું નથી થયું. તમે વડિલ બંધુની સેવામાં આવી જાઓ તેઓ તમારા બધા અપરાધ માફ કરી દેશે. મોટાના મન મોટા હોય છે.'

દૂતના આવા વચન સાંભળતા જ બાહુબલી એકદમ ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા. 'અઠાણું ભાઇઓના રાજ્ય મેળવીને હજી એને સંતોષ નથી થયો. મારું રાજ્ય જોઇએ છે ? હું રાજ્ય તો નથી જ આપવાનો પણ અઠાણું ભાઇઓનો બદલો લઇશ.' એમ કહી દૂતને ગળચીથી પકડીને નગરની બહાર પાછળની બારીએથી કાઢિ મૂક્યો. દૂત પછી જીવ બચાવી ત્યાંથી નાસી ગયો.

**જર, જમીન અને જોરુ, ત્રણે કજીયાના છોરુ.**

સત્તા, સંપત્તિ અને સ્ત્રી માટે અનાદિ કાળથી યુદ્ધો થતા આવ્યા છે. સાચી સમજણના અભાવે... આવેશમાં જીવ શું નથી કરતો ? ભરત અને બાહુબલી બન્ને પ્રભુ ઋષભદેવના પુત્રો છે. ચરમ શરીરી છે.. આજ ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે જવાના છે. છતાં આજે રાજ્ય માટે એક બીજાની સામે થયા છે. બન્ને

પોતપોતાના સ્થાનેથી વિશાળ સેના સાથે નિકળ્યા. જ્યાં મળ્યા ત્યાં વચ્ચે રણસ્થંભ રોપાયો. યુદ્ધ ચાલુ થયું. રોજને રોજ જે મર્યા તે તો ગયા પણ જે જખમી થતા હતા એમને ભરત મહારાજા કાંકિણી રત્નના જલ સિંચનથી અને બાહુબલી સોમયશા પુત્રના કંઠના આભુષણના જલસિંચનથી સાજા કરતા હતા. આવી રીતે એકધારું આ યુદ્ધ બાર-બાર વરસ ચાલ્યું. કરોડો માણસો - મૃત્યુના મુખમાં હોમાયા... લોહીની નદીઓ વહેવા લાગી પણ બન્નેમાંથી કોઇ હારતું નથી. જીતતું નથી.

દેવ અને ઇન્દ્રો પણ આ યુદ્ધ જોઇને ધ્રુજી ઉઠ્યા. અંતે સૌધર્માધિપતિ ભરત મહારાજા પાસે આવ્યા. ભરત મહારાજાને કહ્યું- 'તમારા પિતાજીએ આ સૃષ્ટિનો વિકાસ કર્યો... સૃષ્ટિને સુજલામ્ - સુફલામ્ બનાવી અને તમે શું એનો વિનાશ કરવા ઇચ્છો છો ?''

ભરત મહારાજાએ કહ્યું - ''હું શું કરું ? બાહુબલી આજ્ઞા માનતો નથી તેથી ચક્ર આયુધશાળામાં પેસતું નથી.''

ઇન્દ્ર મહારાજાએ કહ્યું - ''પ્રશ્ન જો તમારા બે વચ્ચેનો છે તો તમે બન્ને ભાઇઓ પરસ્પર યુદ્ધ કરો... આ અનાવશ્યક સંહાર બંધ કરો.''

એમ કહીને ઇન્દ્ર મહારાજાએ પાંચ યુદ્ધ નક્કી કરી આપ્યા. (૧) દૃષ્ટિ યુદ્ધ (૨) વચન યુદ્ધ (૩) બાહુ યુદ્ધ (૪) મુષ્ટિ યુદ્ધ અને (૫) દંડ યુદ્ધ.

ઇન્દ્ર મહારાજાએ આદિનાથ પ્રભુની આણાથી બન્નેની સેનાને દૂર કરી ઉપરોક્ત પાંચે યુદ્ધમાં બાહુબલી

જીત્યા... ભરત હાર્યા. દેવોએ બાહુબલી ઉપર પુષ્પવૃષ્ટિ કરી. આથી ભરત રાજા અત્યંત રોષે ભરાયા. આવેશમાં આવીને એમણે બાહુબલી ઉપર ચક્રરત્ન છોડ્યું. પરંતુ દેવ અધિષ્ઠિત શસ્ત્ર સ્વગોત્રીય ઉપર અસર ન કરે તેથી ચક્રરત્ન બાહુબલીને પ્રદક્ષિણા આપી ભરત પાસે આવી ગયું.

ભરતે મને મારવા ચક્રરત્ન છોડ્યું જાણીને અત્યંત ક્રોધાયમાન થયેલા બાહુબલીએ ભરતને મારવા મુષ્ઠિ ઉગામી. સહુના શ્વાસ અદ્ધર થઇ ગયા. ક્ષણવારમાં શું થઇ જશે એ કલ્પનાથી બધા ધ્રુજી ઉઠ્યા. ત્યાં તો અંધકારમાં વિજળી ચમકે ને પ્રકાશ થાય તેવો જ્ઞાનનો પ્રકાશ બાહુબલીના અંતરમાં થયો. હું શું કરી રહ્યો છું ? મારા પિતાતુલ્ય વડિલ બંધુ ઉપર... સત્તાના સિંહાસન માટે... જમીનના એક ટુકડા માટે મુષ્ટિ ઉગામી ? ના.. ના... આવું કરવું નથી. ગમે તેમ તોય પ્રભુના પુત્ર હતા... ૯૮ મુનિઓના ભાઇ હતા... ચરમ શરીરી હતા... વિવેક જાગ્યો... અમાર્ગથી પાછા ફર્યા... પોતાની મુષ્ટિ પોતાના જ મસ્તકે ફરી વળી અને લોચ કરી નાંખ્યો. રાજપાટ છોડીને પ્રભુપંથે ચાલી નિકળ્યા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી... સાધુનો વેશ આપ્યો. ભરત મહારાજાને પશ્ચાતાપ થયો. બાહુબલી મુનિને વંદના કરી મિચ્છામિ દુક્કડં કર્યા. બાહુબલીના પુત્ર સોમયશાને તક્ષશિલાનું રાજ્ય આપ્યું. પોતે અયોધ્યા નગરીમાં પાછા ફર્યા.

પરમાત્મા પાસે જવા નિકળેલા બાહુબલીએ રાજ-પાટ, સત્તા સંપત્તિનો ત્યાગ કર્યો પણ હવે એમને અહંકાર નડ્યો... આડો આવ્યો. મનમાં વિચાર આવ્યો હમણાં પ્રભુ પાસે જઇશ તો મારાથી નાના પણ દીક્ષામાં મોટા એવા બંધુઓને મારે વંદન કરવા પડશે. એના કરતાં કેવળજ્ઞાન મેળવીને પછી જાઉં તો વંદન નહિં કરવા

પડે. આપણને પ્રભુ પાસે જવામાં પણ આવાજ અંતરાય નડે છે ને ? આનંદઘનજી મહારાજાએ સાચું જ કહ્યું છે -

**ઘાતિ ડુંગર આડા અતિ ઘણા;**

**તુજ દર્શન જગ નાથ...**

બાહુબલી પ્રભુ પાસે જવાને બદલે માર્ગમાં જ રોકાઇ ગયા. જંગલમાં જ ઉભા રહી ગયા. કાયોત્સર્ગ કરી કર્મ ખપાવી કેવળજ્ઞાન પામવા પ્રયત્નશીલ બન્યા.

**એક અંધારી રાતે, વન વગડાની વાટે;**

**બાહુબલી ધરતા ધ્યાન, માંગે કેવળજ્ઞાન.**

બે દિવસ... ચાર દિવસ... આઠ દિવસ... અખવાડિયું... મહિનો... બે મહિના... ચાર... આઠ... બાર-બાર મહિના વીતી ગયા... શુક્લ ધ્યાન આવતું નથી... કેવળજ્ઞાન થતું નથી. પ્રભુ પોતાના કેવળજ્ઞાનમાં બાહુબલીની આવી પરિસ્થિતિ જોઇ રહ્યા છે. જીવમાત્રના કલ્યાણની ભાવનાના સ્વામિ એવા પ્રભુએ બ્રાહ્મી અને સુંદરીને સમજાવીને સ્થાન જણાવી બાહુબલીને પ્રતિબોધવા મોકલ્યા. ધ્યાનમાં બાર-બાર મહિના વીતી ગયા છે. વેલડીઓ વીંટાઇ ગઇ છે... પંખીઓએ માળા ઘાલ્યા છે. બાહુબલી દેખાતા નથી. પ્રભુએ જણાવેલા સ્થાને આવી બાહુબલી ન દેખાવવા છતાં બ્રાહ્મી અને સુંદરી જોરથી બોલવા લાગી.

**વીરા મોરા ગજ થકી ઉતરો; ગજ ચઢે કેવલ ન હોય રે...**

બાહુબલીના કાને શબ્દો અથડાયા. આ અવાજ મારી સાધ્વી થયેલી બહેનોના છે. પરંતુ આવું વિચિત્ર

કેમ બોલે છે ? હું ક્યાં હાથી ઉપર બેઠો છું ? સાધ્વીજી ખોટું તો બોલે નહિં, વિચાર કરતાં સમજાયું હા... હા... હું અહંકારરૂપી હાથી ઉપર સવાર થયો છું. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી કેવળજ્ઞાન કેમ પામી શકાય? હું ભુલ્યો... હમણાં જ પ્રભુ પાસે જાઉં નાના પણ સંયમ પર્યાયમાં મોટા એવા મારા બંધુઓને વંદન કરું... અહંકારનો ત્યાગ થયો... વંદન કરવા પગ ઉપાડ્યો કેવળજ્ઞાન પ્રગટ થયું. ક્રોધ-માન-માયા-લોભને સાથી બનાવીને ફરીશું ત્યાં સુધી કેવળજ્ઞાન કેવી રીતે થશે ? જાગીએ કષાયોનો સંગ ત્યાગી સમતાના રંગે રંગાઇ જઇએ. બાહુબલી પ્રભુના સમવસરણમાં જઇ કેવલીની પર્ષદામાં બિરાજમાન થયા.

એકદા ભરત મહારાજા હું બીજું કાંઇ કરી શકતો નથી તેથી બધા સાધુ ભગવંતોના ભક્તિનો લાભ લઉં. એમ વિચારીને પાંચસો ગાડા ભરીને સુખડી લઇને પ્રભુ પાસે અષ્ટાપદ પર્વત ઉપર પહોંચ્યા. ત્યાં જઇ પ્રભુને વંદના કરી બધા સાધુ ભગવંતોને નિમંત્રણ આપવા લાગ્યા. ત્યારે પ્રભુએ ભરત મહારાજાને કહ્યું – 'ભરત ! આ આહાર આધાકર્મી રાજપિંડ છે. આ આહાર સાધુઓને કલ્પે નહીં.'

ભરત મહારાજા પ્રભુના વચનો સાંભળી શોક કરવા લાગ્યા. ભરતરાજાની આવી સ્થિતિ જોઇને ઇન્દ્ર મહારાજાએ પ્રભુને પ્રશ્ન પૂછ્યો – 'પ્રભુ ! અવગ્રહ કેટલા પ્રકારનો છે ?'

પ્રભુએ કહ્યું – 'હે ઇન્દ્ર અવગ્રહ પાંચ પ્રકારના છે. (૧) ઇન્દ્રનો (૨) રાજેન્દ્રનો (૩) ગૃહપતિનો (૪) સાગારિકનો અને (૫) સાધર્મિકનો.''

આ સાંભળી ઇન્દ્રે કહ્યું – 'હે પ્રભુ ! હું આપના સાધુ-સાધ્વીજી ભગવંતોને મારા સર્વ ક્ષેત્રમાં વિચરવાની

રજા આપું છું.'

ઈન્દ્રના આવા વચનો સાંભળી ભરત રાજાએ કહ્યું - ''હું પણ સર્વ સાધુ-સાધ્વીજી ભગવંતોને મારા ક્ષેત્રમાં વિચરવાની રજા આપું છું.' પછી ભરત ઈન્દ્ર મહારાજાને પુછે છે' હવે હું આ પાંચસો ગાડા સુખડી આદિ આહારનું શું કરું ?'

ઈન્દ્રે કહ્યું - 'ભરત ! તમારાથી ગુણવાન આદિ ગૃહસ્થોને એમાંથી ભોજન કરાવ ?' તે સ્વીકારી ભરતે રત્નાધિકોને જમાડ્યા ત્યારથી બ્રહ્મભોજ એટલે જ સાધર્મિક ભક્તિનો પ્રારંભ થયો. પછી પરમાત્માની સ્તવનારૂપ ચાર વેદની ભરતે રચના કરી. ભરત રોજ શ્રાવકોને જમાડવા લાગ્યા. ધીમે ધીમે સંખ્યા એટલી વધી ગઇ કે રસોઈયાઓને વ્યવસ્થામાં તકલીફ થવા લાગી. તેથી વ્રતધારી શ્રાવકોના ડાબા ખભેથી કાંકિણી રત્નથી દેવ-ગુરુ-ધર્મની ત્રણ રેખાઓ કરવામાં આવી એજ આગળ જઇ યજ્ઞોપવીત થઇ. સમય જતાં તે રેશમ અને સુત્રની જનોઇ થઇ. આજે પણ દિગંબર જૈનોમાં શ્રાવકના એકવીસ ગુણરૂપ એકવીસ તારની જનોઇની પ્રથા ક્યાંક ક્યાંક જોવા મળે છે.

એકદા ભરતરાજાએ ઈન્દ્રને એમનું મૂળરૂપ બતાડવા કહ્યું. ઈન્દ્રે એક આંગળી દેખાડી. તેનું તેજ અને જાજ્વલ્યમાનતા જોઇને ભરત આશ્ચર્ય પામ્યા. તે દિવસથી દર વર્ષે ઈન્દ્ર મહોત્સવ ઉજવવાનો પ્રારંભ થયો.

એકદા ભરત મહારાજા આરીસા ભુવનમાં બેઠા હતા. આત્મ ચિંતન ચાલુ હતું. ત્યાં આંગળીમાંથી વીંટી નિકળી ગઇ. આંગળી શોભારહિત દેખાવા લાગી. ભરત મહારાજા એક પછી એક આભુષણ કાઢવા લાગ્યા અને

મારી શોભા આભુષણથી કે આભુષણની શોભા મારાથી એનો વિચાર કરવા લાગ્યા. ત્યારે જણાયું કે દેહની શોભા કદાચ આભુષણથી હશે પરંતુ દેહ અને આભુષણ બન્ને અનિત્ય છે.. ક્ષણભંગુર છે. આત્મા જ શાશ્વત છે અને એની શોભા ગુણોથી છે. આત્માના મુખ્ય જ્ઞાન ગુણના ચિંતનમાં અને અનિત્ય ભાવના ભાવતાં ભાવતાં ક્ષપક શ્રેણીએ ચડ્યા. આરીસા ભુવનમાં જ કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા. દેવદુંદુભિનો નાદ થયો. દેવોએ સાધુનો વેશ આપ્યો. ભરત મહારાજા સાથે બીજા દસ હજાર ક્ષત્રિયોએ દીક્ષા લીધી. એમની સાથે ઘણા સમય સુધી ધરતિને પાવન કરતા... અનેકોને પ્રતિબોધ પમાડતાં નિર્વાણ પદને પામ્યા.

ભરતના પુત્ર આદિત્યયશ[૧]... એમના પુત્ર મહાયશ[૨]... એનો પુત્ર અભિબલ[૩]... એનો પુત્ર બલભદ્ર[૪]... એનો પુત્ર બલવીર્ય[૫]... એનો પુત્ર કિર્તિવીર્ય[૬]... તેનો પુત્ર જલવીર્ય[૭]... એનો પુત્ર દંડવીર્ય[૮]... આ આઠ પાટ પરંપરામાં જે રાજવીઓ આવ્યા તે બધા નિર્વાણ પદને પામ્યા.

તે કાલ અને તે સમયને વિષે કૌશાલિક એવા શ્રી ઋષભદેવ પ્રભુ વીસ લાખ વર્ષ સુધી કુમારાવસ્થામાં રહીને, ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ્ય અવસ્થામાં રહીને, એમ ત્ર્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવાસમાં રહીને, એક હજાર વર્ષ છદ્મસ્થ પર્યાય પાળીને, એક હજાર વર્ષ ઓછા એવા એક લાખ પૂર્વ સુધી કેવલી પર્યાય પાળીને, સંપૂર્ણ એક લાખ પૂર્વ સુધી ચારિત્ર પાળીને, સર્વ ચોર્યાસી લાખ પૂર્વોનું સંપૂર્ણ આયુષ્ય પાળી કરીને ચાર અઘાતી કર્મોનો ક્ષય કરીને આ અવસર્પિણીમાં સુષમદુઃષમ નામના ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ માસ બાકી હતા ત્યારે મહા વદિ તેરસના દિવસે અષ્ટાપદ તીર્થના શિખર ઉપર દસ હજાર સાધુઓની સાથે ચોવિહારા

ચૌદભત્તના ત્યાગથી એટલે છ ઉપવાસથી અભિજીત નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થતાં સવારના સમયે પલાઠીવાળીને બેઠેલા ઋષભદેવપ્રભુ નિર્વાણ પદને પામ્યા. સંસારનો પાર પામ્યા... સર્વ દુઃખોથી મુક્ત થયા.

આસનકંપથી પ્રથમ સૌધર્મેન્દ્ર પછી બીજા ઇન્દ્રો પરમાત્માનું નિર્વાણ જાણીને પરિવાર સાથે ત્યાં આવ્યા. ત્યાં આવી ત્રણ પ્રદક્ષિણા કરી આનંદ વિનાના, આંસુથી ભીના નેત્રવાળા તે પ્રભુની પાસે બેઠા. પછી સૌધર્માધિપતિએ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક અને વૈમાનિક દેવો પાસેથી નંદનવનથી ગોશીર્ષચંદનના કાષ્ટ મંગાવીને (૧) તીર્થંકર માટે (૨) ગણધર ભગવંતો માટે અને (૩) સામાન્ય મુનિ ભગવંતો માટે એમ ત્રણ ચિતાઓ રચાવી... આભિયોગિક દેવતાઓ ક્ષીર સમુદ્રનું જલ લઇ આવ્યા તેથી સૌધર્મેન્દ્રે પ્રભુને નવડાવ્યા... બીજા દેવોએ ગણધર ભગવંત અને મુનિઓને નવડાવ્યા. સહુના શરીરે ગોશીર્ષ ચંદનનો લેપ કર્યો... સર્વ અલંકારથી સુશોભિત કર્યા.. અને હંસગર્ભવસ્ત્ર ઓઢાડ્યું. ઇન્દ્રે પ્રભુના દેહને ચિતામાં સ્થાપન કર્યું... અન્ય દેવોએ બીજી બે ચિતામાં ગણધર અને મુનિવરોના શરીરને સ્થાપન કર્યા.

આનંદ રહિત અગ્નિકુમાર દેવતાઓએ અગ્નિ પ્રગટાવ્યો... વાયુકુમાર દેવતાઓએ વાયુ વિકુર્વ્યો. બીજા દેવતાઓએ ચિતામાં કાલાગુરુ, ચંદન વિગેરે લાકડાં નાંખ્યા. તથા ઘી અને મધના ઘડાઓથી સિંચન કર્યું. અંતે જ્યારે બધા શરીરો બળીને ભસ્મીભૂત થયા ત્યારે સૌધર્મેન્દ્રની આજ્ઞાથી મેઘકુમાર દેવતાઓએ જલની વૃષ્ટિ કરી. બધા ઇન્દ્રોએ પોતપોતાના આચાર પ્રમાણે દાઢાઓ લીધી. બીજા દેવોએ અસ્થિ ગ્રહણ કર્યા. એક તીર્થંકરનો, એક ગણધરનો, એક મુનિઓનો એમ ત્રણ સ્તૂપ કરાવી, ઇન્દ્ર અને સર્વ દેવતાઓ નંદિશ્વર દ્વીપ જઇ અઠ્ઠાઇ

મહોત્સવ કરી પોતપોતાના સ્થાને ગયા.

કૌશાલિક એવા ઋષભદેવના ચોર્યાસી ગચ્છ અને ગણધર હતા... ઋષભસેનાદિ ચોર્યાસી હજાર સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા હતી... બ્રાહ્મી - સુંદરી વિગેરે ત્રણ લાખ સાધ્વીઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. શ્રેયાંસ વિગેરે ત્રણ લાખ પાંચ હજાર શ્રાવકોની... સુભદ્રા વિગેરે પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. કેવલી નહીં પરંતુ કેવલી સમાન ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારીઓની સંપદા હતી... નવ હજાર અવધિજ્ઞાનીઓની - વીસ હજાર કેવળજ્ઞાનીઓની, વીસ હજાર છસો વૈક્રિયલબ્ધિધારીઓની, બાર હજાર છસો પચાસ વિપુલમતિ જ્ઞાનવાળા મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી... બાર હજાર છસો પચાસ વાદિઓની ઉત્કૃષ્ટ સંપદા હતી. પ્રભુના વીસ હજાર શિષ્યો અને ચાલીસ હજાર સાધ્વીઓ સિદ્ધ થયા. પ્રભુ ઋષભદેવના બાવીસ હજાર નવસો મુનિઓ અનુત્તર વિમાનમાં ઉપજનારા અને એકાવતારી થઇ મોક્ષ પામનારા હતા.

શ્રી ઋષભદેવ પ્રભુ નિર્વાણ પામ્યા પછી બેંતાલીસ હજાર વર્ષો ઉપર ત્રણ વર્ષ અને સાડા આઠ માસ ઓછા એવા એક કોડાકોડી સાગરોપમ જેટલો કાળ ગયા પછી શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ મોક્ષે ગયા છે. ત્યાર પછી નવસો એંસી વરસે પુસ્તકો લખાયા છે.



# રત્નત્રયી સાધક વંદના

## (સ્થવિરાવલિ)

તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના નવ ગચ્છ અને અગિયાર ગણધર હતા.

આવું કેમ ?

સામાન્યતાથી બધા તીર્થંકરોના જેટલા ગણધર હતા એટલા જ એમના ગચ્છ હતા. તો પ્રભુ મહાવીરના અગિયાર ગણધર હતા તો એમના અગિયાર ગચ્છ કેમ નહિં ? આવો પ્રશ્ન સ્વાભાવિક છે. એનો જવાબ મેળવવા આપણે પ્રથમ ગચ્છના અર્થને સમજવો પડશે. **એક વાચનાવાળા સાધુઓનો સમુદાય ગચ્છ કહેવાય છે.**

શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુના ઇંદ્રભૂતિ,અગ્નિભૂતિ, વાયુભૂતિ, આર્ય વ્યક્ત, આર્યસુધર્માએ પાંચે ગણધર પાંચસો-પાંચસો સાધુઓને વાચના આપતા હતા તેથી એમના પાંચ ગચ્છ હતા. મંડિતપુત્ર અને મૌર્યપુત્ર સાડા ત્રણસો - સાડા ત્રણસો સાધુઓને વાચના આપતા હતા. એમના બે ગચ્છ હતા. અકંપિત અને અચલભ્રાતા બન્ને ગણધરો સાથે મળીને ત્રણસો-ત્રણસો સાધુઓને વાચના આપતા હતા એટલે એમનો એક જ ગચ્છ હતો. મેતાર્ય અને પ્રભાસ ગણધરો સાથે મળીને ત્રણસો - ત્રણસો સાધુઓને વાચના આપના હતા તેથી એ બન્ને ગણધરોનો એક જ ગચ્છ હતો. એવી રીતે પ્રભુ મહાવીરના અગિયાર ગણધર હતા પણ ગચ્છ નવ જ

હતા.

પ્રભુના અગિયાર ગણધરો ચૌદ પૂર્વ સહ દ્વાદશાંગીના જ્ઞાતા હતા. ઇન્દ્રભૂતિ (ગૌતમસ્વામી) અને સુધર્માસ્વામી સિવાયના નવ ગણધર રાજગૃહિ નગરીમાં એક મહિનાના ચોવિહારા ઉપવાસ સહિત અણસણ કરીને પ્રભુની હાજરીમાં જ મોક્ષે ગયા છે. બધા ગણધરો પોતાનો પરિવાર સુધર્માસ્વામિને સોંપીને મોક્ષે ગયા છે તેથી હાલ જે પણ સાધુ-સાધ્વીજી ભગવંતો છે તે બધા સુધર્માસ્વામીના શિષ્ય સંતાનાદિકનો પરિવાર છે. પ્રભુની પાટે સુધર્માસ્વામિ હતા.

મગધ દેશ... કોલ્લાગ ગામ...

ધમ્મિલ બ્રાહ્મણ... ભદ્દિલા સ્ત્રી...

એમના સુપુત્ર સુધર્મા હતા...

ચૌદ વિદ્યાના ભંડાર... ચાર વેદ પારગામી હતા... પચાસ વરસ સુધી ગ્રહસ્થાવાસમાં રહી પછી પ્રભુ મહાવીરસ્વામી પાસે દીક્ષા લઇ પાંચમા ગણધર બન્યા. ત્રીસ વરસસુધી પ્રભુના ચરણોની સેવા કરી. પ્રભુના નિર્વાણ પછી બાર વરસ સુધી છદ્મસ્થાવસ્થામાં રહ્યા... ઉંમરમાં ૯૨ વરસ પછી કેવળજ્ઞાન પામી, આઠ વરસ સુધી કેવલી પણે વિચરી સો વરસનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી પોતાની પાટે શ્રી જંબૂસ્વામિને સ્થાપીને મોક્ષે ગયા.

* * * *

મગધ દેશ... રાજગૃહિ નગરી

ઋષભદત્ત કરોડપતિ શ્રાવક... ધારિણી શેઠાણી હતા...

એમનો જંબૂવૃક્ષના સ્વપ્ન સૂચિત જંબુકુમાર મહા સૌભાગ્યવંત પુત્ર હતો...

દિન...દિન વધતા જંબૂ કુમાર સોળ વર્ષના થયા. એકદા તેઓએ નગરમાં પધારેલા શ્રી સુધર્માસ્વામીની દેશના સાંભળી. દેશના સાંભળીને પરમ વૈરાગ્ય પામ્યા. માતા-પિતાને સંયમ માટે રજા આપવા વિનંતી કરી. માતા-પિતા મોહથી ઘેરાયેલા છે. પુત્રને વિનંતી કરે છે. ''તને વરેલી આઠ કન્યા સાથે લગ્ન કરી અમારા મનોરથ પૂર્ણ કર.'' માતા પિતાને એમ હતું કે એક વખત લગ્નની બેડીમાં બંધાઇ જશે તો સંસારમાં ટકી જશે. કેવી છે મોહદશા ?

દાક્ષિણ્યતાથી પુત્ર જંબૂ વિચારે છે - 'માતા-પિતાની ઇચ્છા પૂર્ણ કરી પછી તરત સંયમનો સ્વીકાર કરીશ.' માતા-પિતાની વાત સ્વીકારી લીધી સાથે સાથે કન્યાના માતા-પિતાને પણ જણાવી દિધું કે લગ્ન પછી હું તરત દીક્ષા લઇશ. માતા-પિતા ખેદ પામ્યા પણ કન્યાઓએ એની જ સાથે પરણવાની વાત જણાવી. માતા-પિતાએ ઘણા મહોત્સવ પૂર્વક જંબૂ કુમારના સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નભઃસેના, કનકશ્રી, કમલવતી અને જયશ્રી એ નામની આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો. સર્વત્ર આનંદ છવાયો. એ જ રાત્રીએ જંબૂકુમારે પોતાની આઠે સ્ત્રીઓ સાથે ધર્મ ચર્ચા કરી, ધર્મનું અને માનવભવનું મુલ્ય સમજાવ્યું. આઠે સ્ત્રીઓ પ્રતિબોધ પામી. જંબૂ કુમાર અને સ્ત્રીઓની વાતો સાંભળી પ્રભવ ૪૯૯ ચોરોનો સરદાર પણ પ્રતિબોધ પામ્યો.

જંબૂના ચરણે પોતાના શસ્ત્ર અર્પણ કર્યા. અમારા સરદારનો જે માર્ગ તે અમારો માર્ગ એમ ચારસો નવ્વાણુ ચોરો પણ પ્રતિબોધ પામ્યા. સંયમ લેવા સજ્જ બન્યા. આ આશ્ચર્યકારી વાત સાંભળી જંબૂ કુમારના માતા-પિતા, આઠ કન્યાઓના સોળ માતા-પિતા એમ બધા મળીને પાંચસો સત્યાવીસ જણાએ નવ્વાણુ કરોડ સોનામહોરો વરસીદાનમાં વાપરીને શ્રી સુધર્માસ્વામી પાસે દીક્ષા લીધી.

જંબૂ કુમારે દ્વાદશાંગીનો અભ્યાસ કર્યો. સુધર્માસ્વામીએ પોતાની પાટે એમને બિરાજમાન કર્યા. વિશિષ્ટ તપ તપતાં જંબૂકુમાર કેવળી બન્યા. એવી રીતે સોળ વરસ ગૃહસ્થાવાસમાં... વીસ વરસ છદ્મસ્થ પણામાં... ચુમાલીસ વરસ કેવલી પર્યાયમાં રહીને... સંપૂર્ણ એંસી વરસનું આયુષ્ય પૂર્ણ કરી પોતાના પાટે શ્રી પ્રભવસ્વામિને સ્થાપીને વીર નિર્વાણથી ચોસઠ વર્ષ વીત્યા બાદ મોક્ષે ગયા.

જંબૂસ્વામીના નિર્વાણથી આ ભરત ક્ષેત્રમાં દશ વસ્તુઓ વિચ્છેદ પામી - (૧) મનઃપર્યવજ્ઞાન (૨) પરમાવધિ (૩) પુલાકલબ્ધિ (૪) આહારક શરીર (૫) ક્ષપકશ્રેણી (૬) ઉપશમશ્રેણી (૭) જિનકલ્પ માર્ગ (૮) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય ચરિત્ર, યથાખ્યાત ચારિત્ર, (૯) કેવલજ્ઞાન અને (૧૦) મોક્ષ.

* * * *

પ્રભવ વિંધ્યરાજાના પુત્ર હતા. રાજકિય કાવાદાવાથી રીસાઈને વનમાં ચાલ્યા ગયા. ત્યાં એમણે ચારસો નવ્વાણુ સાથીઓને તૈયાર કરી એમના નાયક બન્યા.આજુબાજુના પ્રદેશોમાં ચોરીનો વ્યાપાર કરવા લાગ્યા. એકદા રાજગૃહિના કોટ્યાધિપતિ ઋષભદત્ત શેઠને ત્યાં મોટિ ચોરી કરવાની ભાવનાથી આવ્યા. પરંતુ ત્યાં

પત્નીઓને પ્રતિબોધતા જંબૂની વાણી સાંભળી પ્રતિબોધ પામ્યા. પોતાના ચારસો નવ્વાણું સાથીઓ સાથે દીક્ષા લીધી. શ્રી પ્રભવસ્વામી ત્રીસ વરસ ગૃહસ્થાવાસમાં, પંચોત્તેર વરસ ચારિત્ર પર્યાયમાં રહી સંપૂર્ણ એકસો પાંચ વરસનું આયુષ્ય ભોગવી પોતાના પાટે શ્રી શય્યંભવસૂરિને સ્થાપીને વીર નિર્વાણથી પંચોત્તેર વર્ષ પછી સ્વર્ગે સિધાવ્યા.

* * * *

શ્રી પ્રભવસ્વામી પોતાના પાટે કોને સ્થાપન કરવા ? એની વિચારણા કરતા હતા. પોતાના સમુદાયમાં નજર ફેરવી પરંતુ ક્યાંય નજર ન ઠરી. શું કરવું ? કેટલી ચિંતા હતી પૂર્વાચાર્યોને ? શાસનની ધુરા જેવા તેવાના હાથમાં ન સોંપાય. એ તો યોગ્ય વ્યક્તિને જ સોંપાય. ત્યાં પોતાનો કે પરાયાનો ભેદ ન હોય. પ્રભવસ્વામીએ બ્રાહ્મણ સમુદાયમાં નજર કરી ત્યાં એમની નજર હિંસકયજ્ઞ કરાવતા શય્યંભવ ભટ્ટ ઉપર સ્થિર થઇ. શાસનની ધુરાને વહન કરવા આજ વ્યક્તિ યોગ્ય છે એમ જાણી પોતાના બે સાધુઓને ત્યાં યજ્ઞમાં મોકલ્યા. ત્યાં જઈને એમણે કહ્યું - 'अहो कष्टं, अहो कष्टं, तत्वं न ज्ञायते परम' આટલું કહીને સાધુઓ પાછા ફરી ગયા. શય્યંભવ ભટ્ટ આ શબ્દો સાંભળી ચમકી ગયા. જૈન સાધુઓ અસત્ય બોલે નહિં. જરૂર આ યજ્ઞમાં કાંઈક છુપું રહસ્ય હોવું જોઈએ. અત્યંત આવેશમાં આવી તલવાર કાઢી યજ્ઞાચાર્ય સામે ગયા અને સત્ય શું છે ? તત્વ શું છે ? તે જણાવવા કહ્યું. મૃત્યુનો ભય કોને નથી ? યજ્ઞાચાર્ય પણ શય્યંભવ ભટ્ટનું સ્વરૂપ જોઈ ભય પામ્યા અને એમણે કહ્યું - ''સત્ય અને તત્વ બીજે ક્યાંય નથી... સત્ય તત્વરૂપ કેવળ જૈન ધર્મ છે.'' આ યજ્ઞ સ્તંભની નીચે

જૈનોના સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા છે તેના જ કારણે આ સર્વ ક્રિયાઓ નિર્વિઘ્ને થઇ રહી છે.''

આ સાંભળતાં જ શય્યંભવભટ્ટ શ્રી પ્રભવસ્વામી પાસે પહોંચી ગયા અને ત્યાં જ દીક્ષા લઇ લીધી. એ સમયે શય્યંભવભટ્ટની સ્ત્રી ગર્ભવતી હતી. શય્યંભવ મુનિ બન્યા પછી આ બાળકનો જન્મ થયો જે મનક નામે પ્રસિદ્ધિ પામ્યો. બાળક આઠ વરસનો થયો ત્યારે એકદા એણે માતાને પૂછ્યું – 'મા ! મારા પિતાજી ક્યાં છે?' માતાએ કહ્યું – 'તારા જન્મ પૂર્વે જ.. તારા પિતા જૈન દીક્ષા લઇને ગામો ગામ વિચરી રહ્યા છે.'

પિતાજી જૈન સાધુ બન્યા છે જાણીને ઘરમાં કોઇને કાંઇપણ કહ્યા વગર મનક પિતાને શોધવા નિકળી પડ્યો. શોધતા શોધતા ચંપાનગરીમાં એની મુલાકાત પિતા મુનિ સાથે થઇ. પિતા મુનિ પાસે દીક્ષા લઇ સુંદર સાધના કરવા લાગ્યા. એકદા પિતામુનિએ શ્રુતજ્ઞાનોપયોગ આપતા પુત્ર મુનિનું આયુષ્ય ફક્ત છ મહિનાનું જણાયું. પુત્ર મનકમુનિનું અલ્પ આયુષ્યમાં કલ્યાણ થાય એ હેતુથી પૂર્વશ્રુતમાંથી દશવૈકાલિક સૂત્રનો ઉદ્ધાર કર્યો. છ મહિના સુધી મનકમુનિને એનો જ અભ્યાસ કરાવ્યો. મનક મુનિ આરાધના કરતા છ મહિના પછી કાળ કરી દેવલોકમાં ગયા. શ્રી શય્યંભવસૂરિની આંખો ભીની થઇ ગઇ. યશોભદ્રાદિ શિષ્ય ગણે કારણ પૂછતાં મનકમુનિનો વૃત્તાંત કહ્યો. અલ્પ આયુષ્યમાં શુદ્ધ ચારિત્ર પાળી સમાધિપૂર્વક કાળધર્મ પામી આત્મકલ્યાણ સાધ્યું. એના હર્ષના આંસુ છે. યશોભદ્રાદિ, શિષ્યગણે કહ્યું આપે અમને પહેલા કેમ ન જણાવ્યું. અમે આપની જેમ જ ગુરુપુત્રનું બહુમાન કરતા ત્યારે શય્યંભવસૂરિએ કહ્યું તમારા જેવા તપ અને ચારિત્ર વૃદ્ધોની વૈયાવચ્ચથી જ એણે

પોતાનું આત્મ કલ્યાણ સાધ્યું છે.

શ્રી શય્યંભવસૂરિ મ. ને દશવૈકાલિક સૂત્રનું કાર્ય અત્યારે પૂર્ણ થયું હોવાથી પાછું એને પૂર્વમાં સંહરવાની ઇચ્છા થઇ. પરંતુ સંઘને સમાચાર મળતાં જ શ્રી સંઘ એકત્રિત થઇ પૂજ્યશ્રી પાસે આવીને પ્રાર્થના કરે છે 'હે ભગવંત ! આ પંચમકાળમાં બીજા પણ અલ્પ આયુષ્ય વાળા મુનિઓને આ સૂત્ર કામ આવશે તેથી એને પૂર્વમાં ન સંહરતા એમ જ સ્થિર રાખો. ઘણાને માટે ઉપકારી બનશે.'

શ્રી સંઘની વાતનો સાદર સ્વીકાર કર્યો. આ સૂત્રનો દીવો પાંચમા આરાના અંત સુધી ચતુર્વિધ શ્રી સંઘને અજવાળશે. આવા મહા ઉપકારી શ્રી શય્યંભવસૂરિ મ. અઠ્યાવીસ વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહી... અગિયાર વરસ મુનિપણામાં અને ત્રેવીસ વર્ષ સુધી આચાર્ય પદને શોભાવી પોતાના પાટે યશોભદ્રસૂરિને સ્થાપીને વીર નિર્વાણથી અઠાણું વર્ષ પછી સ્વર્ગે સિધાવ્યા.

યશોભદ્રસૂરિ બાવીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં, ચૌદ વર્ષ મુનિ પર્યાયમાં અને પચાસ વરસ યુગપ્રધાન પણે રહિને સંપૂર્ણ છ્યાંસી વરસનું આયુષ્ય ભોગવી પોતાના પાટે શ્રી સંભુતિવિજય તથા શ્રી ભદ્રબાહુને સ્થાપી દેવલોકને પામ્યા.

આર્ય સંભુતિવિજયજી આચાર્ય બેંતાલીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસમાં, ચાલીસ વર્ષ સુધી મુનિપણામાં આઠ વર્ષ સુધી યુગપ્રધાનપણે રહી સંપૂર્ણ નેવું વર્ષનું આયુષ્ય ભોગવી પોતાની પાટે ભદ્રબાહુસ્વામિને સ્થાપી શ્રી મહાવીર પ્રભુના નિર્વાણથી એકસો છપ્પન્ન વર્ષ પછી સ્વર્ગે ગયા.

# આર્યભદ્રબાહુસ્વામિ

દક્ષિણદેશમાં... પ્રતિષ્ઠાનપુર નગરમાં...

ભદ્રબાહુ... અને વરાહમિહિર... બે દરિદ્રી બ્રાહ્મણ વસતા હતા. એકદા એમણે શ્રી યશોભદ્રસૂરિ પાસે ધર્મદેશના સાંભળી. ધર્મદેશનાથી વૈરાગ્યપામી બન્નેએ દીક્ષા લીધી. દ્વાદશાંગીનો અભ્યાસ કરી ચૌદ પૂર્વ ભણ્યા. ભદ્રબાહુમુનિને યોગ્ય જાણી ગુરુ ભગવંતે આચાર્ય પદવીથી અલંકૃત કર્યા. વરાહમિહિર મુનિને પદવી ન મળવાથી ઈર્ષ્યાથી એમણે સાધુપદનો ત્યાગ કરી બ્રાહ્મણ વેશ ધારણ કર્યો. એમણે વરાહિસંહિતા નામનો જ્યોતિષગ્રંથ બનાવી એનાથી નિમિત્તાદિ દ્વારા પોતાની આજીવિકા ચલાવવા લાગ્યા. પોતાની પ્રસિદ્ધિ માટે વિવિધ વાતો નગરમાં ફેલાવવા લાગ્યા. જૈન ધર્મની નિંદા કરવા લાગ્યા.

એકદા વરાહમિહિરે પ્રતિષ્ઠાનપુરના રાજવી જિતશત્રુને નિમિત્ત જણાવતાં કહ્યું કે – ‘‘રાજ્યસભામાં ચીતરેલા કુંડાળામાં આકાશમાંથી બાવન પળ પ્રમાણવાળો મત્સ્ય પડશે.’’ ત્યાં જ બિરાજમાન ભદ્રબાહુસ્વામિએ કહ્યું – ‘‘માર્ગમાં વાયુથી તે મત્સ્ય શોશાઇ જવાથી સાડા એકાવન પળનો થશે અને કુંડાળાના એક બાજુએ પડશે.’’ ભદ્રબાહુસ્વામિની વાત સાચી પડી. એથી વરાહમિહિર ને એમાં પોતાનું અપમાન લાગ્યું. તેથી તે જૈનોનો વધુ દ્વેષી બન્યો. એ જ સમય દરમ્યાન રાજાને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો. બધા રાજાને વધાઇ આપવા ગયા. વરાહમિહિર પણ ગયો. વધાઇ આપવાની સાથે એણે બાળકનું આયુષ્ય સો વરસનું જણાવ્યું. રાજાની કાનભંભેરણી કરતા કહ્યું – ‘‘જૈનો વિવેક વિનાના છે. ભદ્રબાહુસ્વામિ તમને વધાઇ આપવા પણ ન આવ્યા.’’

રાજા-વાજા-ને વાંદરા બધા જ આવા કાચા કાનના... રાજાને પણ વરાહમિહિરની વાત સાચી લાગી... તેઓએ પણ જૈન ધર્મ પ્રત્યે દ્વેષ ધારણ કર્યો. વાત ગામમાં ફરતી થઇ... શ્રાવકોએ ભદ્રબાહુસ્વામિ સુધી વાત પહોંચાડી. ભદ્રબાહુસ્વામિએ શ્રાવકો દ્વારા રાજાને સંદેશો મોકલ્યો - ''હે રાજન્ ! આપના પુત્રનું આયુષ્ય ફક્ત સાત દિવસનું છે. સાતમે દિવસે બિલાડીથી તેનું મૃત્યુ થશે. તેથી અમે પુત્રજન્મની વધામણી આપવા આવ્યા નથી.''

ભદ્રબાહુસ્વામિના સંદેશાથી ચિંતામા પડેલા રાજવીએ ગામમાંથી બધી બિલાડીઓ કાઢી મૂકી છતાં પણ ઘણા પ્રયત્નથી રક્ષણ કર્યા છતાં પણ તે ધાવતા એવા રાજાના પુત્ર પર સાતમે દિવસે બિલાડી સરખા આકારવાળા કમાડના આગળિયાના પડવાથી તેનું મરણ થયું. ત્યારે રાજાએ ભદ્રબાહુસ્વામિની પ્રશંસા કરી. સર્વત્ર વરાહમિહિરની નિંદા થવા લાગી. કોપાયમાન થયેલા વરાહમિહિરે તાપસી દીક્ષા લીધી. અજ્ઞાન તપ તપીને મરીને તે વ્યંતર થયો. પૂર્વભવના દ્વેષના સંસ્કારોથી જૈનોને હેરાન કરવા લાગ્યો. મરકી આદિના ઉપદ્રવ ફેલાવવા લાગ્યો. શ્રી સંઘે વિનંતિ કરતા શ્રી સંઘને ઉપદ્રવ મુક્ત કરવા ભદ્રબાહુસ્વામિએ ''ઉવસગ્ગહરં સ્તોત્ર''ની રચના કરી. તેથી ઉપદ્રવ શાંત થયા.

ભદ્રબાહુસ્વામિએ શ્રમણ સંઘ ઉપર મહાન ઉપકાર કરીને અગિયાર અંગ ઉપર નિર્યુક્તિની રચના કરી. ભદ્રબાહુસ્વામિ પીસ્તાલીસ વર્ષ ગૃહસ્થાવાસમાં... સત્તર વર્ષ મુનિપણામાં... ચૌદ વર્ષ સુધી યુગપ્રધાન પદે રહિને સંપૂર્ણ છોંતેર વરસનું આયુષ્ય ભોગવી પોતાના પાટે સ્થુલિભદ્રજીને સ્થાપી કુમારગિરિ ઉપર અણસણ કરી સ્વર્ગે ગયા.

# શ્રી સ્થૂલિભદ્રસ્વામિ

પાટલીપુત્ર નગરી... નવમા નંદ રાજાનું રાજ્ય...

શકડાલ મંત્રી... લાછલદે નામની સ્ત્રી હતી...

જૈન ધર્મના ચુસ્ત આરાધક હતા...

તેમને બેપુત્ર અને સાત પુત્રીઓ હતી...

સ્થુલિભદ્ર મોટો દિકરો હતો... શ્રીયક નાનો હતો. યક્ષા-યક્ષદિન્ના આદિ સાત બહેનો હતી. યૌવનવયને પામેલા સ્થૂલિભદ્ર કોશા વેશ્યામાં આકર્ષાયા... ઘર છોડીને વેશ્યાને ત્યાં જ રહેતા. બાર-બાર વરસના વહાણા વીતી ગયા. સાડા બાર કરોડ સોનૈય્યાઓનો વ્યય કર્યો.

નંદ રાજાની રાજ્યસભામાં વરરૂચિ નામનો એક બ્રાહ્મણ શિઘ્રકવિ આવ્યો. એણે એકસો આઠ નવીન કાવ્યો વડે રાજાની સ્તુતિ કરી. રાજા હર્ષ પામ્યો. એણે સારી રીતે બહુમાન કરીને ઘણું દ્રવ્ય આપ્યું. દ્રવ્યના લોભ અને લાભથી તે વરરૂચિ બ્રાહ્મણ રોજ આવવા લાગ્યો. રોજ નવા નવા કાવ્યો સ્તુતિ રૂપે બોલીને રાજા પાસેથી દ્રવ્ય મેળવવા લાગ્યો. શકડાલ મંત્રીને ચિંતા થઇ જો આવું ને આવું લાંબા સમય સુધી ચાલુ રહ્યું તો રાજભંડાર ખાલી થઇ જશે. એથી શકડાલ મંત્રીશ્વરે એકદા નંદરાજાને કહ્યું - ‘‘હે સ્વામીન્ ! આ બ્રાહ્મણને રોજને રોજ આવી રીતે દ્રવ્ય આપીને રાજ ભંડારનો વિનાશ શા માટે કરો છો ? આ બ્રાહ્મણ બીજાઓના બનાવેલા કાવ્ય પોતાના નામે ચઢાવીને તમને સંભળાવે છે.’’

આવું સાંભળીને કોપાયમાન થયેલા રાજવીએ વરરૂચિ બ્રાહ્મણને દ્રવ્ય આપવાનું બંધ કર્યું. તેથી શકડાલ મંત્રી ઉપર રોષ પામેલો તે બ્રાહ્મણ શકડાલ મંત્રીના છિદ્ર જોવા લાગ્યો. એક વખત મનમાં વૈરની ભાવના પ્રજ્વલિત થાય પછી એને શમાવવી ઘણી જ કઠીન છે. કેવા કેવા જીવો સાથે કેવી કેવી વૈર ભાવનાઓ રાખીને આપણે આપણી ભવ પરંપરાઓ વધારી રહ્યા છીએ. સમજીને વૈરનું વિસર્જન કરી સહુ જીવો પ્રત્યે પ્રેમ-મૈત્રીનું ઝરણું વહેતું કરીએ તો ભવ તરી જઈએ. આત્મકલ્યાણ સાધી શકીએ. વરરૂચિ શકડાલ મંત્રીને મારવાનો ઉપાય શોધવા લાગ્યો. આજ અવસરે શકડાલ મંત્રીના ઘરે શ્રીયકના લગ્નનો પ્રસંગ ઉપસ્થિત થયો. રાજાને કાંઈક વિશેષ ભેટણું આપવું એમ વિચારીને શકડાલ મંત્રી પોતાના ઘરે ઉચ્ચ કોટિના હથિયારો બનાવવા લાગ્યા. આ વાત ગુપ્ત રાખી હતી. કોઈ પણ રીતે આ વાત વરરૂચિના જાણવામાં આવી. એ વિચારવા લાગ્યો 'શકડાલને મારવાનો આ શ્રેષ્ઠ સમય છે.' એણે ગામના બાળકોને ભેગા કર્યા એમને ઘણી મિઠાઈ આદિ આપીને કહ્યું - ''તમારે શેરીએ શેરીએ ફરવાનું અને મોટે મોટેથી બોલવાનું શકડાલ મંત્રી નંદ રાજાને મારીને શ્રીયકને ગાદિએ બેસાડશે.'

નિર્દોષ બાળકો મિઠાઈમાં લલચાયા અને એમણે જે કહ્યું તે પ્રમાણે કરવા લાગ્યા. વાત ધીમે ધીમે નંદરાજા સુધી પહોંચી. નંદરાજાએ પોતાના ગુપ્તચરોને કામે લગાડ્યા. શકડાલ મંત્રી ઉપર અને એના ઘર પર નજર રાખવા જણાવ્યું. ગુપ્તચરોએ શકડાલ મંત્રના ઘરે શસ્ત્રો બની રહ્યાની વાત રાજાને જણાવી. ગુપ્તચરોના વૃત્તાંતથી કોપાયમાન થયેલા રાજવીએ બીજા દિવસે રાજ્યસભામાં આવી નમસ્કાર કરતા શકડાલમંત્રીથી મુખ

ફેરવી લીધું. ચતુર શકડાલ મંત્રી વાત પામી ગયા. ઘેર જઇ પુત્ર શ્રીયકને પોતાની પાસે બેસાડીને વાત કરી. આવતી કાલે રાજ્યસભામાં આવીને જેમ રાજાને નમસ્કાર કરવા નીચે નમું એટલે તારે મારી ગર્દન તલવારથી ઉડાવી દેવી. હું પ્રથમથી તાલપુટ વિષ મોઢામાં રાખીશ જેથી તને પિતૃ હત્યાનું કોઇ પાપ નહિં લાગે. પરિવારની રક્ષા માટે આ કરવું અત્યંત આવશ્યક છે. હા-ના, હા-ના કરતા શ્રીયકને મંત્રીશ્વરે બરાબર મક્કમ કર્યા. બીજા દિવસે રાજ્યસભામાં શકડાલ મંત્રીની ગર્દન ઉડાડતાં શ્રીયકને રાજાએ કહ્યું 'તમે આ શું કર્યું ?' ત્યારે શ્રીયકે કહ્યું - ''હે સ્વામિ ! પોતાના માલિકનું અહિત ચિંતવનાર પિતાને પણ મારી નાખવો જ જોઇએ.''

શ્રીયકના વચન સાંભળી ખુશ થયેલા રાજવીએ શ્રીયકને મંત્રી મુદ્રા સ્વીકારવા વિનંતિ કરી. શ્રીયકે કહ્યું - 'રાજન્ ! મંત્રીમુદ્રાના સાચા અધિકારી મારા વડિલ બંધુ સ્થૂલિભદ્ર છે તે કોશા વેશ્યાને ઘરે રહે છે. તમે એમને બોલાવીને મંત્રી મુદ્રા આપો.'

સેવકને મોકલીને સ્થૂલિભદ્રને બોલાવવામાં આવ્યા. રાજાએ સ્થૂલિભદ્રને મંત્રી મુદ્રિકા સ્વીકારવાની વાત કરી. સ્થૂલિભદ્રે વિચાર કરીને જણાવું છું એમ કહ્યું. અશોક વાટિકામાં વૃક્ષ નીચે બેસીને વિચારણા કરી. પિતાજી કેવા રાજકિય ષડ્યંત્રનો ભોગ બન્યા એનું ચિંતન કરતાં વૈરાગ્ય જાગ્યો. એમણે સ્વયંમેવ લોચ કરી... રત્નકંબલમાંથી રજોહરણ બનાવી સાધુ બની રાજ્યસભામાં આવી ધર્મલાભ આપ્યા. સહુ આશ્ચર્ય પામ્યા. સહુએ વંદના કરી સ્થૂલિભદ્ર ત્યાંથી આચાર્ય શ્રી સંભુતિવિજયજી મ.સા. પાસે પહોંચ્યા. વિધિપૂર્વક દીક્ષા લીધી. અગિયાર અંગનો અભ્યાસ કર્યો. ગુરુ આજ્ઞાથી કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહ્યા. એના હાવભાવ એવં વિલાસી

વચનોની વચ્ચે તે નિર્લેપ રહ્યા. સ્થિર રહ્યા...કામના ઘરમાં કામવિજેતા બની ચોર્યાસી ચોવિસી સુધી અમર બન્યા. કોશા વેશ્યાને ધર્મોપદેશ આપી શ્રાવિકા બનાવી. ચાતુર્માસ કરીને ગુરુ પાસે પાછા આવ્યા ત્યારે ''અહો દુષ્કર દુષ્કર કારક'' શબ્દોથી ગુરુએ એમને સન્માનિત કર્યા. શ્રી સંઘ સમક્ષ એમની પ્રશંસા કરી.

હવે આ અવસરે દુષ્કાળના કારણે જૈન સાધુ ભગવંતોને જિનશાસનનો આધારભૂત બારમું અંગ દૃષ્ટિવાદ જેમાં ચૌદ પૂર્વ સમાયેલા છે એની વિસ્મૃતિ થઇ ગઇ. પાટલીપુત્રમાં ચતુર્વિધ શ્રી સંઘ ભેગો થયો. જેટલું સ્મૃતિમાં હોય એનો સંગ્રહ કરવાનો વિચાર કર્યો. ત્યારે સમજાયું કે હાલમાં જિનશાસનમાં દૃષ્ટિવાદના જાણકાર એકમાત્ર ભદ્રબાહુસ્વામિ છે. જે નેપાળ દેશમાં વિચરી રહ્યા છે. શ્રી સંઘે કાગળ લખીને એમને વિનંતિ કરી કે આપશ્રી પાટલીપુત્ર પધારો તો દૃષ્ટિવાદને વિસ્મૃત થતો અટકાવી શકાય. પત્ર લઇને બે સાધુઓને નેપાળ મોકલવામાં આવ્યા. શ્રી સંઘનો પત્ર લઇને મુનિઓ નેપાળમાં શ્રી ભદ્રબાહુસ્વામિ પાસે પહોંચ્યા. વંદના કરી શ્રી સંઘનો પત્ર અર્પણ કર્યો. સંદેશો આપ્યો. શ્રી ભદ્રબાહુસ્વામિએ કહ્યું હાલમાં તેઓએ મહાપ્રાણાયામ ધ્યાનનો પ્રારંભ કરેલ છે તેથી તેઓ હાલ પાટલીપુત્ર આવી શકે તેમ નથી. આવેલા મુનિઓ શ્રી ભદ્રબાહુસ્વામિનો પ્રત્યુતર લઇ પાછા પાટલાપુત્ર આવ્યા. શ્રી સંઘને સંદેશો આપ્યો. શ્રી સંઘે એના ઉપર વિચારણા કરી ફરીને શ્રી ભદ્રબાહુસ્વામિની પાસે બે સાધુઓને શ્રી સંઘનો સંદેશો લઇને મોકલ્યા.

શ્રી સંઘે ભદ્રબાહુસ્વામિને પૂછાવ્યું – ''શ્રી સંઘની વાત જ ન માને તે માટે શ્રી સંઘે શું કરવું ?''

ભદ્રબાહુસ્વામિએ કહ્યું – ''શ્રી સંઘે એમને સંઘ બહાર કરવા.''

મુનિઓએ કહ્યું - ''તો સંઘ આપશ્રીને સંઘ બહાર કરે છે.''

ત્યારે ભદ્રબાહુસ્વામિએ કહ્યું - ''શ્રી સંઘ મારા ઉપર કૃપા કરે... દૃષ્ટિવાદ ભણી શકે એવા સાધુઓને અહિં મોકલે, તો મારા બન્ને કાર્ય થશે. મારી મહાપ્રાણાયામની સાધના પણ થશે અને મુનિઓને ભણાવવાનું પણ થશે.''

અંતે શ્રી સંઘે ભદ્રબાહુસ્વામિની વાત સ્વીકારી અને પાંચસો સાધુઓ સહિત સ્થૂલિભદ્ર સ્વામિને નેપાળ મોકલ્યા. ભદ્રબાહુસ્વામિ રોજ વાચનાઓ આપી દૃષ્ટિવાદ ભણાવે છે તથા પોતાની ધ્યાનસાધના પણ કરે છે. દૃષ્ટિવાદનો અભ્યાસ કઠિન લાગવાથી થોડા સમયમાં સાધુઓ અભ્યાસ છોડીને પાછા ફરવા લાગ્યા. છેલ્લે એકલા સ્થૂલિભદ્ર બચ્યા. એમણે બે વસ્તુઅધિક દસ પૂર્વનું જ્ઞાન મેળવ્યું ત્યારે ભદ્રબાહુસ્વામિની ધ્યાન સાધના પૂર્ણ થઇ. તેઓ વિચરતા વિચરતા પાટલીપુત્ર નગરીએ પધાર્યા. સ્થૂલિભદ્રની યક્ષા-યક્ષાદિન્નાદિ બહેનોએ દીક્ષા લીધી હતી તેઓ ભાઇ મુનિને વંદન કરવા આવ્યા. શ્રી ભદ્રબાહુસ્વામિને વંદન કરી ભાઇ મુનિની પૂછા કરી. ભદ્રબાહુસ્વામિએ જણાવ્યું પાછળ ગુફામાં છે... વંદન કરવા જવાશે. બહેન સાધ્વીજી ત્યાં ગયા તો ત્યાં સિંહ જોયો. ભાઇ મુનિ ન દેખાયા. પાછી વળી અને શ્રી ભદ્રબાહુસ્વામિને વાત કરી. સિંહ ભાઇ મુનિને ખાઇ તો નહિં ગયો હોય ને ? શ્રી ભદ્રબાહુસ્વામિએ શ્રુતોપયોગ આપ્યો. સાધ્વીજી ને કહ્યું - ''હવે આપ વંદન કરવા પધારો, ભાઇ મુનિ મળશે.' સાધ્વીજી ભગવંત ગયા મુનિના દર્શન-વંદનનો લાભ થયો.

સમય થતાં સ્થૂલિભદ્રમુનિ પાઠ લેવા આવ્યા. શ્રી ભદ્રબાહુસ્વામિએ કહ્યું - 'આજથી પાઠ બંધ. હવે

આગળના સાધુઓ જ્ઞાનને પચાવી નહિં શકે.' સ્થૂલિભદ્રમુનિએ પોતાના અપરાધની વારંવાર ક્ષમા માંગી. ભવિષ્યમાં આવી ભુલ નહિં થાય એની ખાત્રી આપી. છતાં ગુરુએ આગળ પાઠ ન આપ્યો. વાત શ્રી સંઘ પાસે પહોંચી. સંઘે ગુરુ ભગવંતને ઘણી ઘણી વિનંતિ કરી... આજીજી કરી. શ્રી સંઘની વાતનો ભદ્રબાહુસ્વામિ અસ્વીકાર ન કરી શક્યા. મૂળથી પાઠ આપ્યો પણ અર્થ - રહસ્ય ન સમજાવ્યા. સ્થૂલિભદ્ર સાથે શરત કરી કે તમે આગળ પૂર્વ કોઈને પણ ભણાવશો નહિં. એમ કરવાથી એટલે આગળ દૃષ્ટિવાદ ભણાવવાથી શાસ્ત્રોનો દુરુપયોગ થશે. લાભ કરતાં હાનિ વધારે થશે.

એવા શ્રી સ્થુલીભદ્ર ત્રીસ વરસ સુધી ગૃહસ્થાવાસમાં, ચોવીસ વરસ વ્રતપર્યાયમાં અને પિસ્તાલીસ વરસ સુધી યુગપ્રધાનરુપે રહીને નવ્વાણુ વરસ, પાંચ માસ અને પાંચ દિવસનું આયુષ્ય પૂર્ણ કરી વીર નિર્વાણથી બસો પંદર વર્ષ પછી રાજગૃહિના વૈભારગિરિ ઉપર પાક્ષિક અણસણ કરી પોતાના પાટે આર્ય મહાગિરિને સ્થાપી સો મુનિઓની સાથે સ્વર્ગે સિધાયા. આવી રીતે શ્રુતકેવલીઓનો પણ અસ્ત થયો.

આવી રીતે પાટ પરંપરામાં અનેકાનેક મહામુનિઓ થયા છે. એમનાથી વિવિધ શાખા અને કુળો પણ ઉત્પન્ન થયેલા છે. આ સ્થવિરાવલી કલ્પસૂત્રમાં વિસ્તારથી જણાવવામાં આવી છે. આવા મહાત્માઓના ભાવ દર્શન અને વંદન કરીને પાવન થવાનું છે. છેલ્લે આ મહાત્માઓ જેવી સ. જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉચ્ચ કોટિની મંગલમય આરાધના આપણા સહુના જીવનમાં આવે અને આપણે સહુ પ્રભુ શાસનની સાથે આપણા આત્માને અજવાળીએ. સ્થવિરાવલિમાં દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણ સુધીની પાટ પરંપરા જણાવી એ સહુને વંદના કરવામાં

આવી છે.

ગૌતમ ગોત્રવાળા ફલ્ગુમિત્રમુનિને, વાસિષ્ટગોત્રવાળા ધનગિરિ મુનિને, કુચ્છ સગોત્રવાળા શિવભૂતિ મુનિને, તેમજ કૌશિકગોત્રવાળા દુર્જ્જંત અને કૃષ્ણમુનિને હું વંદના કરું છું. તે પૂર્વોક્ત મુનિઓને મસ્તક વડે વંદના કરીને, વળી કાશ્યપગોત્રવાળા ભદ્રમુનિને હું વંદના કરું છુ. ગૌતમગોત્રવાળા આર્યનાગમુનિને હુ વંદના કરું છું. તેમજ વાસિષ્ટ ગોત્રવાળા જેહિલમુનિને તથા માઢર ગોત્રવાળા વિશ્વમુનિને અને ગૌતમગોત્રવાળા કાલિકાચાર્યને હું વંદના કરું છું. ગૌતમગોત્રવાળા ગુપ્તકુમાર મુનિને તથા સંપલિક મુનિને તેમજ ભદ્રકમુનિને હું વંદના કરું છું અને ગૌતમ ગોત્રવાળા સ્થવિર આર્યવૃદ્ધમુનિને પણ હું વંદના કરું છું. તે પૂર્વોક્ત મુનિઓને મસ્તક વડે વંદના કરીને સ્થિરતા, પરાક્રમ, ચારિત્ર અને જ્ઞાનસહિત એવા કાશ્યપગોત્રવાળા સ્થવિર સંઘપાલક નામના મુનિને હું નમસ્કાર કરું છું. કાશ્યપગોત્રવાળા તથા ક્ષમાના સમુદ્ર અને ધૈર્યવંત એવા આર્યહસ્તિ મહારાજને હું વંદના કરું છું. તે મુનિ ઉનાળાના પહેલા માસમાં એટલે ચૈત્રમાસના શુક્લ પક્ષમાં દેવલોક પામ્યા છે. ઉત્તમ વ્રતધારી તથા શીલ અને લબ્ધિથી યુક્ત થયેલા તેમજ જેમની દીક્ષાના અવસરે દેવતાઓએ તેમના મસ્તક ઉપર છત્રને ધારણ કર્યું હતું એવા આર્યધર્મમુનિને હું વંદના કરું છું. કાશ્યપગોત્રવાળા હસ્તમુનિને તથા મોક્ષને સાધનારા એવા ધર્મમુનિને હું વંદના કરું છું. તેમજ કાશ્યપગોત્રવાળા સિંહમુનિને અને ધર્મમુનિને પણ વંદના કરું છું. પૂર્વોક્ત મુનિઓને મસ્તક વડે નમસ્કાર કરીને, સ્થિરતા, પરાક્રમ, અને ચારિત્ર અને જ્ઞાન સહિત આર્ય જંબૂમુનિને હું નમસ્કાર કરું છું. કોમલપણાએ કરીને, સરલપણાએ કરીને યુક્ત તેમજ ઘણા ઉંચા એવા

જ્ઞાન-દર્શન અને ચારિત્રથી યુક્ત, કાશ્યપગોત્રવાળા એવા નંદિની પિતા નામના સ્થવિરમુનિને હું નમસ્કાર કરું છું. ત્યારપછી સ્થિર ચારિત્રવાળા, તથા ઉત્તમ સમ્યક્ત્વ અને વીર્યથી યુક્ત થયેલા એવા માઢરગોત્રવાળા દેવર્ધિગણી ક્ષમાશ્રમણને હું નમસ્કાર કરું છું. ત્યાર પછી અનુયોગને ધારણ કરનારા ધૈર્યવંત, બુદ્ધિના સમુદ્ર, મહાપરાક્રમવાળા અને વચ્છસગોત્રવાળા એવા સ્થિરગુપ્ત ક્ષમાશ્રમણ મુનિને હું નમસ્કાર કરું છું. ત્યાર પછી જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપને વિષે સ્થિર રહેલા તથા ગુણો વડે કરીને મોટા અને ગણ વડે કરીને યુક્ત થયેલા એવા ગુણવંત કુમારધર્મગણિ નામના સ્થવિરમુનિને હું વંદના કરીને કરું છું. ત્યારપછી સૂત્ર તથા અર્થરૂપી રત્નથી ભરેલા, ક્ષમા અને ઇન્દ્રિયદમન અને કોમલતા એવા ગુણોથી યુક્ત થયેલા એવા કાશ્યપગોત્રવાળા દેવર્ધિક્ષમાશ્રમણ મુનિને હું નમસ્કાર કરું છું.



# રત્નત્રયી સાધના

કલ્પસૂત્રના અંતિમ દસમા વ્યાખ્યાનમાં સાધુની અઠ્યાવીસ આલાવાવાળી અઠ્યાવીસ પ્રકારની સમાચારી જણાવી છે તે નીચે પ્રમાણે છે - (૧) તે કાળ અને તે સમયને વિષે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ આષાઢ સુદ પુર્ણિમાથી માંડીને એક માસ અને વીસ દિવસ ગયા પછી પર્યુષણ પર્વ કર્યા છે.

પ્રભુએ આષાઢ સુદ પુર્ણિમાથી પચાસ દિવસ પછી પર્યુષણ પર્વ કેમ કર્યા ?

શ્રાવક પોતાના માટે વરસાદથી બચવા બધી તૈયારી કરી રાખે. ઘર સાદડીથી છવાયેલા કરે, ચુના-ખડી ઘોળીને ઉજ્વળ કરે, ઘાસ વિગેરેથી ઢાંકેલા છાણ આદિથી લીંપણ કરે. જમીનને સપાટ કરી અચિત્ત રહે એમ કરે. ધૂપ આદિથી સુગંધિત કરે, પોતાના રહેવા માટે વ્યવસ્થિત કરેલી જગ્યામાં સાધુ રહે તો એના માટે સ્થાન નિર્દોષ, સુઝતું, જયણાવાળું થાય. અન્યથા સાધુના નિમિત્તથી આરંભ સમારંભાદિ દોષ લાગે. તેથી પ્રભુએ આષાઢ પૂર્ણિમાથી પચાસમા દિવસે પર્યુષણ પર્વ કર્યા છે.

પ્રભુએ જેમ કર્યું તેમ ગણધરોએ કહ્યું... ગણધરોના શિષ્યોએ કર્યું... એવું જ સ્થવિરોએ કર્યું... એવું જ હમણાંના શ્રમણ નિર્ગ્રંથો કરે છે... એવી જ રીતે અમારા આચાર્ય - ઉપાધ્યાયાદિ આષાઢ પૂર્ણિમાંથી પચાસમાં દિવસે પર્યુષણ પર્વ કરે છે. એમને અનુસરતા અમે અને અમારા સંઘો પણ આષાઢ પૂર્ણિમાંથી પચાસમા દિવસે પર્યુષણ પર્વ કરે છે.

(૨) વર્ષાકાળમાં રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતને એક યોજન એક ગાઉ એટલે પાંચ ગાઉ એટલે દસ માઇલ અથવા પંદર કિલોમીટર સુધી ચાર દિશા અને ચાર વિદિશામાં અવગ્રહ રાખી શકે. અવગ્રહ વાળા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી પાંચ અહોરાત્રી અથવા છ મહિના સુધી રહી શકે. આ અવગ્રહના ક્ષેત્રમાં (૧૫ કી.મી. સુધી) ગોચરી આદિ માટે જઇ-આવી શકે.

(૩) અવગ્રહના ક્ષેત્રમાં પાણીથી ભરેલી, નિરંતર વહેતી નદી હોય, જેને ઓળંગવા પાણીને વલોવવું પડે તો સાધુ-સાધ્વીજી ભગવંતને ત્યાં જવું આવવું કલ્પે નહિં. પણ પાણી થોડું હોય, પાણીને વલોવ્યા વગર એક પગ ઉપાડી એક પગ રાખી શકાય એમ હોય તો જવું-આવવું કલ્પે.

(૪) વર્ષાઋતુમાં ચાતુર્માસ રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતને ગુરુએ કહ્યું હોય કે ગ્લાન (બિમાર) મુનિ માટે એમને જોઇએ એટલી અમુક વસ્તુ લાવી આપવી તો ગ્લાનને માટે લાવવી કલ્પે, પોતાની ઇચ્છા પ્રમાણે લાવવી ન કલ્પે. ગુરુએ પ્રથમથી ગ્લાનની સાથે પોતાના માટે અમુક વસ્તુ લેજે, તો ગ્લાનને આપવી અને પોતે પણ લેવી કલ્પે પરંતુ બીજા મુનિઓને આપવી ન કલ્પે.

(૫) વર્ષાકાળમાં ચોમાસું રહેલા યુવાન, શક્તિશાળી, તુષ્ટ અને નિરોગી, બળવાન સાધુ-સાધ્વીઓએ નવરસ વિગઇઓ વારંવાર વાપરવી કલ્પે નહીં. નવરસ વિગઇમાં - (૧) દુધ (૨) દહીં (૩) માખણ (૪) ઘી (૫) તેલ (૬) ગોળ (૭) મધ (૮) મદિરા અને (૯) માંસ. આમાં ચાર મહાવિગઇ સાધુ-શ્રાવક માટે જીવત્જીવ ત્યાજ છે. (૧) માંસ (૨) મદિરા (૩) માખણ અને (૪) મધ. આ ચાર મહાવિગઇ છે. જેનો સર્વથા ત્યાગ હોય

છે. બાકીની પાંચ વિગઇ વારંવાર ન વાપરવી જોઇએ.

(૬) સાધુ ગોચરીએ જાય ત્યારે ગુરુ ભગવંતને પૂછે ગ્લાન માટે વિગઇ વિગેરે શું ખપ છે. ગુરુ જે વસ્તુ ગ્લાન માટે જેટલા પ્રમાણમાં કહે તે જાણી લે. ગૃહસ્થના ઘરે એ વસ્તુની યાચના કરે એ જો મળે તો ગ્લાન માટે જેટલું કહ્યું હોય એટલું જ લે. ગ્લાન માટે એટલું જ જોઇએ છે એમ કહે. છતાં જો ગૃહસ્થ આગ્રહ કરે અથવા કહે તમે વધારે લો અમારા ઘરે આ વસ્તુ ઘણી છે. ગ્લાન વાપરી લે પછી તમે વાપરજો અથવા બીજાઓને પણ આપજો તો સાધુને વધુ લેવું કલ્પે. અન્યથા ન કલ્પે. ગ્લાનના નામે લાવી પોતે વાપરવી ન કલ્પે.

(૭) બધા સાધુ-સાધ્વીજી ભગવંતને સમાન દૃષ્ટિથી જોતાં ઉદારદિલ શ્રાવકના ઘરે વસ્તુને જોયા વિના કોઇ વસ્તુની યાચના કરવી નહીં. શિષ્ય પૂછે છે આવું શા માટે ? ગુરુ કહે છે - ભક્તિવંત, સાધુપદના રાગી જીવો જો એ વસ્તુ ઘરમાં ન હોય તો, મુલ્ય આપીને વેંચાતી લઇ આવે... ન મળે તો તીવ્ર રાગાદિના કારણે ચોરી કરીને પણ લઇ આવે. તે કારણથી શ્રદ્ધાવંત ગૃહસ્થોના ઘરોમાં અણદીઠી વસ્તુ સાધુઓએ માગવી નહીં, પણ કૃપણનાં ઘરે તો નહીં દીઠેલી વસ્તુ માંગવામાં પણ દોષ નથી.

(૮) વર્ષાકાળમાં ચોમાસું રહેલા એકાસણું કરતાં સાધુને એક ગોચરીના અવસરે ગૃહસ્થના ઘરે ભાતપાણી લેવા માટે જવું આવવું કલ્પે. પણ આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, ગ્લાનની વૈયાવચ્ચ કરનારા જો એકવાર જો ભોજન કરે તો વૈયાવચ્ચ થઇ શકે નહીં, તેઓ બે વાર ભોજન કરે કારણ તપથી વૈયાવચ્ચ શ્રેષ્ઠ છે. તથા જ્યાં સુધી દાઢી, મુછ, બગલના વાળ ન આવ્યા હોય એવા બાળ સાધુ અથવા નાની વયના સાધ્વીજીને બે

વખત ભોજન કરવામાં દોષ નથી. પરંતુ યુવાન, નિરોગી, શક્તિશાળી સાધુ-સાધ્વીને બે વાર ભોજન કરવું કલ્પે નહીં.

વર્ષાકાળમાં ચોમાસું રહેલા... એકાંતરા ઉપવાસ કરવાવાળા સાધુને સવારમાં ગોચરી એ જઇ પ્રથમ જ ઉદ્ગમાદિક દોષ વિનાના શુદ્ધ આહારનું ભોજન કરીને... છાશ પીને... પાત્રા નિર્લેપ કરીને... તેટલા ભોજનથી રહી શકાય તો તેટલા ભોજનથી ચલાવે... પરંતુ તેટલાથી ન રહી શકાય તો બીજીવાર ગૃહસ્થને ઘેર ગોચરી માટે જવું આવવું કલ્પે.

વર્ષાકાલે નિરંતર છટ્ઠ કરનારા સાધુને બે વાર ગૃહસ્થને ઘરે ભાત-પાણી માટે જવુ આવવું કલ્પે.

ચોમાસું રહેલા નિરંતર અઠ્ઠમ તપ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને ત્રણવાર ગૃહસ્થને ઘેર ભાત-પાણી માટે જવું આવવું કલ્પે.

ચોમાસું રહેલા નિરંતર અઠ્ઠમ તપથી વધારે ચાર-પાંચ-છ આદિ ઉપવાસ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને સર્વ અવસરે... ગમે ત્યારે ગૃહસ્થના ઘરે આહાર-પાણી માટે જવું આવવું કલ્પે.

(૯) વર્ષાકાળમાં રહેલા નિત્ય એકાસણા કરનારા સાધુને આચારાંગ સૂત્રમાં કહેલાં એકવીશ પ્રકારનાં પાણી લેવાં કલ્પે. એકાંતરા ઉપવાસ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને ત્રણ પ્રકારનાં પાણી લેવાં કલ્પે. (૧) અનાજના લોટથી-કર્ણિકથી ખરડાયેલા હાથ વગેરેનું ધોવણ (૨) પાંદડા વિગેરે ઉકાળીને ઠંડા પાણીથી છાંટી નાખીએ તે પાણી (૩) ચોખાનું ધોવણ. નિત્ય છટ્ઠ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને ત્રણ પ્રકારનાં પાણી લેવાં

કલ્પે. - (૧) તલનું ધોવણ (૨) ફોતરાવાળી ડાંગરનું ધોવણ (૩) જવનું ધોવણ. નિત્ય અઠ્ઠમ તપ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને ત્રણ પ્રકારનાં પાણી લેવા કલ્પે. (૧) ઓસામણનું પાણી (૨) કાંજીનું પાણી (૩) ત્રણ ઉકાળાવાળુ પાણી. અઠ્ઠમથી વધારે તપ કરનારા એવં અનશન કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને ફક્ત એક ઉકાળેલું જ પાણી લેવું કલ્પે. તે પણ અન્નાદિકના અંશસહિત લેવું નહીં જ કલ્પે, અન્નાદિકના અંશ રહિત લેવું કલ્પે તે પણ વસ્ત્રથી ગાળેલું લેવું કલ્પે, ગાળ્યા વિનાનું ન કલ્પે.

(૧૦) વર્ષાકાળમાં ચોમાસુ રહેલા અને દત્તિની સંખ્યા કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતને આહારની પાંચ અને પાણીની પાંચ દત્તિ રાખવી કલ્પે. અથવા ચાર ભોજનની-પાંચ પાણીની અથવા પાંચ ભોજનની અને ચાર પાણીની દત્તિ રાખવી કલ્પે. આહાર વહોરાવતી વખતે જો અન્નનો એક કણ પણ પાત્રમાં પડે તો તે એક દત્તિ છે.. સર્વ અન્ન સાથે જ પાત્રમાં પડી જાય તો તે પણ એક દત્તિ છે. પાણી વહોરાવતાં પાણીનું એક ટિપું પણ જો ઘડામાં પડે તો પણ તે એક દત્તિ કહેવાય અને અખંડ ધારાએ આખો ઘડો ભરાઇ જાય તો તે પણ તે એક દત્તિ છે. જેને જેટલી દત્તિનો નિયમ હોય તેને એટલી દત્તિ લેવી કલ્પે... તે સાધુને તેટલા જ આહારથી તે દિવસ નિર્વાહ કરવાનો હોય છે. એ જ દિવસે આહાર માટે બીજીવાર ગૃહસ્થના ઘરે જવું કલ્પે નહીં.

(૧૧) વર્ષાકાળમાં ચોમાસું રહેલા તથા નિષેધ કરેલા ઘરોથી નિવૃત્તિ પામેલા બીજા ઘરોમાં ગોચરી માટે વિચરતા સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉપાશ્રયથી સાત ઘરોમાં જમણવારાદિ પ્રસંગે ગોચરી માટે જવું કલ્પે નહીં.

(૧૨) વર્ષાકાળમાં ચોમાસું રહેલા જિનકલ્પી-કરપાત્રી મુનિને જ્યાં સુધી વરસાદના ઝીણાં ફોરા પડતા

હોય ત્યાં સુધી ગૃહસ્થનાં ઘરે ભાતપાણીને લેવા માટે જવું આવવું કલ્પે નહીં. જિનકલ્પી-કરપાત્રી મુનિને ઉપરથી નહિં ઢાંકેલા એવા સ્થાનમાં ભિક્ષા લઇને આહાર કરવો કલ્પે નહીં. જો નહીં ઢાંકેલા સ્થાનમાં આહાર કરતી વખતે અચાનક વરસાદ આવે તો એક ભાગનો આહાર કરી એક ભાગ હાથમાં લઇ - બીજો હાથ એના ઉપર ઢાંકીને હૃદયની આગળ અથવા કાંખમાં ગુપ્ત રાખીને કોઇ ગૃહસ્થના ઢાંકેલા ઘર પ્રત્યે અથવા ઝાડની નીચે જવું, જે રીતે મુનિના તે આહાર સહિત હાથને વિષે વરસાદનું પાણી, નાના-મોટા બિંદુઓ વિરાધના પામે નહીં.

(૧૩) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સ્થવિરકલ્પી-પાત્રધારી સાધુ-સાધ્વીજી ભગવંતને અખંડ ધારાથી વરસાદ વરસતો હોય ત્યારે ગૃહસ્થના ઘરે આહાર-પાણી લેવા જવું આવવું કલ્પે નહીં. પરંતુ જો કોઇ ગ્લાન-બાળ-વૃદ્ધ સાધુ-સાધ્વીજી ભગવંતને અપવાદથી સ્થવિરકલ્પી સાધુ-સાધ્વીજી ભગવંતને આંતરે આંતરે થોડો વરસાદ વરસતો હોય ત્યારે સુતરના કપડા ઉપર ઉનની કામળી ઓઢીને ગૃહસ્થના ઘરે આહારપાણી માટે જવું-આવવું કલ્પે.

વર્ષાકાળમાં રહેલા સાધુ-સાધ્વીજી ભગવંત ગૃહસ્થના ઘરે આહારપાણી લેવા ગયેલા હોય અને તે વખતે જો રહી-રહીને વરસાદ વરસે તો સાધુ-સાધ્વીજી ભગવંતને ઉદ્યાનની નીચે, પૌષધશાળાની નીચે, જ્યાં ગામના માણસો ભેગા થઇને બેસતા હોય એવા માંડવીની નીચે, અથવા વૃક્ષની નીચે જવું કલ્પે. ત્યાં રહેલા ગૃહસ્થે સાધુના આવ્યા પહેલાં જે રાંધેલું હોય તે લેવું કલ્પે. પણ સાધુના આવ્યા પછી રાંધવા માંડ્યું હોય તે સાધુને લેવું કલ્પે નહીં. સાધુ-સાધ્વીજી ભગવંત ગૃહસ્થના ઘરે ગોચરી માટે ગયેલા હોય અને જો તે સમયે રહી રહીને

વરસાદ પડવા માંડે તો સાધુ-સાધ્વીજી ભગવંતને ઉદ્યાનની નીચે, પૌષધશાળાની નીચે, માંડવીની નીચે, વૃક્ષની નીચે જવું કલ્પે. હવે જો પ્રથમથી આહાર પાણી લઈ લીધા હોય તો ભોજનવેળાને ઉલ્લંઘન કરવી કલ્પે નહીં. સાધુ-સાધ્વીજી ભગવંતે ઉદ્ગમાદિ દોષ રહિત શુદ્ધ આહારપાણીને વાપરીને... પાત્રા ધોઈ... નિર્લેપ કરી એક બાજુ તરફ પાત્રા વિગેરે ઉપકરણ લઈને વરસાદ વરસતો હોય તો પણ સૂર્યાસ્ત પહેલાં ઉપાશ્રયમાં જવું કલ્પે પરંતુ તે સાધુ-સાધ્વીજી ભગવંતને રાત્રી ગૃહસ્થના ઘરે ઓળંગવી કલ્પે નહીં.

વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંત ગૃહસ્થના ઘરે ગોચરી લેવા ગયેલા હોય તે સમયે જો રહી રહીને વરસાદ વરસવા લાગે તો સાધુ-સાધ્વીજી ભગવંતને ઉદ્યાનની નીચે, માંડવીની નીચે, વૃક્ષની નીચે જવું કલ્પે પરંતુ એક સાધુ-એક સાધ્વી, એક સાધુ-એક શ્રાવિકા અથવા એક સાધ્વી-એક શ્રાવકને સાથે ઉભા રહેવું કલ્પે નહીં, બે સાધુ-બે સાધ્વીજી, બે સાધુ-બે શ્રાવિકા, બે સાધ્વીજી-બે શ્રાવકને સાથે ઉભા રહેવું કલ્પે નહીં. પરંતુ જો કોઈ પાંચમો બાલ સાધુ-સાધ્વીજી અથવા વૃદ્ધ શ્રાવક-શ્રાવિકા સાક્ષી તરીકે હોય અથવા તે સ્થાન ઉપર જતાં - આવતાં ઘણાની નજર પડતી હોય અથવા ઘણાં દ્વારવાળું સ્થાન હોય તો ત્યાં ઉભા રહેવું કલ્પે.

(૧૪) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજીઓએ નહીં મંગાવનારા બીજા સાધુ-સાધ્વીજી માટે તેઓને કહ્યા વિના અશનાદિ ચાર પ્રકારનો આહાર લાવવો કલ્પે નહીં. અહિં શિષ્ય પ્રશ્ન કરે છે - ‘‘આવું શા માટે ? ત્યારે ગુરુ કહે છે - ‘‘જો ઈચ્છા હોય તો તે નહીં મંગાવનારા સાધુ-સાધ્વીજી આહાર વાપરે અને જો

ઈચ્છા ન હોય તો લાવેલો આહાર ન વાપરે તે કારણે કહ્યા વિના આહાર લાવવો કલ્પે નહીં.''

(૧૫) વર્ષાકાળમાં રહેલા સાધુ અથવા સાધ્વીજી ભગવંતોને પોતાનું શરીર જ્યાં સુધી પાણીથી ટપકતું હોય અથવા ભીંજાયેલું હોય ત્યાં સુધી અશનાદિક ચાર પ્રકારનો આહાર કરવો કલ્પે નહીં.

(૧૬) વર્ષાકાળમાં રહેલા છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોએ આઠ સૂક્ષ્મોને વારંવાર જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે. તે આઠ સૂક્ષ્મ આ પ્રમાણે છે - ૧. સૂક્ષ્મ જીવો. ૨. સૂક્ષ્મ / નિલફૂલ ૩. સૂક્ષ્મ બીજ. ૪. સૂક્ષ્મ હરિતકાય ૫. સૂક્ષ્મ પુષ્પો ૬. સૂક્ષ્મ ઈંડા ૭. સૂક્ષ્મ બીલો અને ૮. સૂક્ષ્મ અપ્કાય.

હવે શિષ્ય ગુરુને પૂછે છે - ''સૂક્ષ્મ પ્રાણો (જીવો) ક્યા ? ત્યારે ગુરુએ કહ્યું - 'તીર્થંકર ગણધરોએ સૂક્ષ્મ પ્રાણો પાંચ પ્રકારના કહ્યા છે, તે આ પ્રમાણે - (૧) કાળા (૨) નીલા (૩) રાતા (૪) પીલા અને (૫) સફેદ''જે અણુદ્ધરી નામની કુંથુઆની જાતિ થાય છે તે હાલી ચાલી ન શકવાથી છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીને ઝટ જોઈ શકાતી નથી, હાલતી ચાલતી કુંથુંઆની જાતિ છદ્મસ્થ સાધુ-સાધ્વીજી ઝટ જોઈ શકે છે. માટે છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી એ તે સૂક્ષ્મ પ્રાણવાળા સ્થાનકો વારંવાર જાણવા યોગ્ય છે... જોવા યોગ્ય અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય પૂછે છે - ''હે ભગવંત ! તે સૂક્ષ્મપનક ક્યા છે ?'' ગુરુ ભગવંતે કહ્યું - તે સૂક્ષ્મપનક પાંચ પ્રકારના છે - (૧) કાળા (૨) નીલા (૩) રાતા (૪) પીળા અને (૫) ધોળા. આ સૂક્ષ્મ પનક એવો હોય છે કે જ્યાં તે ઉત્પન્ન થાય છે ત્યાં તે ઉત્પત્તિ સ્થાનના વર્ણવાળો હોય છે. તેથી છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી

ભગવંતોએ તે જોવા. જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય ગુરુને પૂછે છે – 'સૂક્ષ્મ બીજ ક્યા છે ?' ગુરુ કહે છે – 'સૂક્ષ્મ બીજ પાંચ પ્રકારના છે. પૂર્વમાં કહ્યા પ્રમાણે કાળાથી ધોળા સુધીના જાણવા. આ સૂક્ષ્મ બીજો શાલ આદિક બીજોની કણીકા, નખના નહીઆ સમાન વર્ણવાળા કહ્યાં છે. તે છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોએ વારંવાર જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય પૂછે છે – 'હે ભગવંત ! સૂક્ષ્મ હરિત ક્યા છે ? ગુરુ કહે છે – 'સૂક્ષ્મ હરિત કાળાથી ધોળા સુધી પાંચ પ્રકારના છે. તે સૂક્ષ્મ હરિતકાય પૃથ્વી સમાન વર્ણવાળા કહ્યાં છે તે અતિ બારીક હોવાથી છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોએ વારંવાર જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.'

શિષ્ય પૂછે છે – 'હે ભગવંત ! સૂક્ષ્મ પુષ્પો ક્યા છે ?' ગુરુ કહે છે – 'સૂક્ષ્મ પુષ્પો કાળા થી ધોળા સુધી પાંચ પ્રકારના પ્રસિદ્ધ છે. તે સૂક્ષ્મ પુષ્પો વૃક્ષના વર્ણ સમાન વર્ણવાળા હોય છે તે છદ્મસ્થ સાધુ-સાધ્વીજી ભગવંતોએ વારંવાર જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય પૂછે છે – 'હે ભગવંત ! સૂક્ષ્મ ઈંડા ક્યા છે ?' ગુરુ કહે છે – 'સૂક્ષ્મ ઈંડા પાંચ પ્રકારના કહ્યાં છે. તે આ પ્રમાણે – (૧) મધમાખી અથવા માકડ વિગેરેના ઈંડા (૨) કરોડીયાના ઈંડા (૩) કીડીઓના ઈંડા (૪) ગરોળીના ઈંડા (૫) કાકિંડાના ઈંડા. જે સૂક્ષ્મ ઈંડાઓ છે તે છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોએ જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય પૂછે છે - 'હે ભગવંત ! તે કીડીઓ વિગેરે સૂક્ષ્મ જીવોને રહેવાનાં સૂક્ષ્મ બીલો ક્યા છે ? ત્યારે ગુરુ ભગવંતે કહ્યું - 'સૂક્ષ્મ બિલો પાંચ પ્રકારના કહ્યા છે - (૧) ઉત્તિંગજીવોનાં જમીનમાં કોંતરેલા બિલો. (૨) પાણી સુકાઇ જવાથી તળાવ વિગેરેની જમીનમાં ફાટો પડે તે બિલો. (૩) સાધારણ બિલો (૪) તાડવૃક્ષના મૂળ સરખા અંદર મોટા અને ઉપર ઝીણા એવા બિલો (૫) ભમરાના બિલો. આ સૂક્ષ્મ બિલો છદ્મસ્થ એવા સાધુ-સાધ્વીજી ભગવંતોએ વારંવાર જોવા-જાણવા અને પડિલેહણ કરવા યોગ્ય છે.

શિષ્ય પૂછે છે - 'હે ભગવંત ! સૂક્ષ્મ સ્નેહો ક્યા છે ?' ગુરુ ભગવંતે કહ્યું - ''સૂક્ષ્મ સ્નેહો પાંચ પ્રકારના છે. (૧) આકાશમાંથી ઝાકળનું પડતું પાણી (૨) બરફ (૩) ધૂમરીનું પાણી (૪) વરસાદનાં પડતાં કરા (૫) ઘાસના અને અંકુરાના અગ્રભાગ ઉપર રહેલું પાણી. આ પાંચ પ્રકારના સૂક્ષ્મ સ્નેહો છદ્મસ્થ સાધુ-સાધ્વીજી ભગવંતે જોવા-જાણવા, પડિલેહણ કરવા યોગ્ય છે.

(૧૭) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ સાધ્વીજી ભગવંત ગૃહસ્થના ઘરે આહાર પાણી લેવા જવા ઇચ્છે, જિનમંદિરે, સ્થંડિલ જવા ઇચ્છે, લેપ, સિવણ, લેખણ, વિગઇ વાપરવા ઇચ્છે, વૈદ સંબંધી, ઔષધ-ઉપચાર કરાવવા ઇચ્છે, મંગલ, ધન્યકારી-કલ્યાણકારી તપ કરવાને ઇચ્છે, અપશ્ચિમરણાંતિક સંલેખના, પાદપોપગમન અનશન, વિહાર, સ્વાધ્યાય, ધર્મ જાગરીકા. ચાર પ્રકારનો આહાર વાપરવા ઇચ્છે, પરઠવા જવા ઇચ્છે એવા સર્વ કાર્યો આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણી, ગણધર, ગણાવછેદક ગુરુ અથવા જે કોઇને પણ આગળ કરીને વિચરતા હોય એમને પૂછીને કરવા કલ્પે, પૂછ્યા વગર કરવા ન કલ્પે.'

શિષ્ય ગુરુને પૂછે છે - હે પરમપૂજ્ય ભગવન્ ! તે ગુરુઓ શા માટે આજ્ઞા ન આપે ?' ત્યારે કૃપાળુ ગુરુ કહે છે - 'આચાર્ય વિગેરે ગુરુઓ વિઘ્નોને અને વિઘ્નોના નાશને જાણે છે... લાભ અને ગેરલાભને જાણે છે.

(૧૮) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંત વસ્ત્ર, પાત્ર, કામળી, પાદપ્રોછન, રજોહરણ અથવા બીજી કોઇ પણ ઉપધીને તડકે મૂકવાને જો ઇચ્છે તો તે એક અથવા અનેક સાધુઓને કહ્યા વિના તેમને તેમ કરવું કલ્પે નહીં. ગૃહસ્થના ઘરે આહાર પાણી લેવા જવું હોય, આહાર વાપરવો હોય, જિનમંદિરે જવું હોય, સ્વાધ્યાય-કાઉસ્સગ્ગ કરવો હોય તો પ્રથમ એક અથવા વધુ સાધુઓને પૂછે જો તેઓ તડકે મૂકેલ ઉપધીનું ધ્યાન રાખવાનું કબુલ કરે તો જ ઉપરોક્ત કાર્ય કરવા કલ્પે અન્યથા ઉપધીને છોડીને કોઇ કાર્ય કરવું કલ્પે નહીં.

(૧૯) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતોને પાટ, પાટિલા, આસન વિના રહેવું કલ્પે નહિં, કારણ પાટ, પાટિયા, આસન નહીં રાખનારા નીચા અને બોલતા આસન રાખનારા, અનર્થ બાંધનારા, સંથારા પાત્રાદિને તડકે નહિં મૂકનારા, ઈર્યાસમિતિનો ઉપયોગ નહિં રાખનારા, વારંવાર પડિલેહણા નહીં કરનારાને કર્મોનું અથવા હિંસાદિ દોષોનું કારણ થાય છે અને તેવા સાધુને સંયમ પાળવો દુર્લભ છે.

યોગ્ય આસન, પાટ, પાટિયાદિ રાખનાર, સંથારા-પાત્રાને તડકે મૂકનાર, પાંચ સમિતિને વિષે ઉપયોગ રાખનાર, વારંવાર પડિલેહણા કરનારને કર્મોનું તથા હિંસાદિ દોષોનું કારણ થતું નથી અને તેવા સાધુને સંયમ પાળવો સુલભ થાય છે.

(૨૦) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતને સ્થંડિલ-માત્રાની ત્રણ ભૂમિઓને વારંવાર

પડિલેહવી જોઈએ. પરંતુ શિયાળા- ઉનાળાની જેમ રાખવી નહિં. શિષ્ય પૂછે છે - ''આવું શા માટે ?'' ત્યારે ગુરુ કહે છે - ચોમાસામાં ઘણું કરીને ઈન્દ્રગોપાદિક જીવો, તૃણ, બીજ, લીલફુલ વધારે ઉત્પન્ન થાય છે તે માટે સાવધાની રાખવાની છે.

(૨૧) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ અથવા સાધ્વીજી ભગવંતને ત્રણ માત્રક (માત્રાનું પાત્ર) રાખવા કલ્પે સ્થંડિલનું, માત્રાનું તથા શ્લેષ્મ વિગેરેનું.

(૨૨) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતે પર્યુષણ પછી માથા ઉપર ગાયના રૂંવાડા જેટલા પણ વાળ રાખવા કલ્પે નહિં. ભાદરવા સુદ પાંચમ પહેલા લોચ કરાવવો લોચ માટે અસમર્થ, બાલ, ગ્લાન સાધુ અપવાદે મુંડાવવું. મહિને મહિને મુંડાવવું અથવા પંદર-પંદર દિવસે કતરાવવું જોઈએ. અને એ માટેનું પ્રાયશ્ચિત લેવું જોઈએ.

(૨૩) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતને પર્યુષણ પર્વ થયા પછી ક્લેશયુક્ત વચન બોલે તો બીજા સાધુ-સાધ્વીજી ભગવંતે કહેવું કે 'હે આર્ય ! તું અનાચાર બોલે છે. પર્યુષણ પહેલાં કહેલું ક્લેશ સહિત વચન પર્યુષણ પર્વમાં ખમાવ્યું. પરંતુ પર્યુષણ પછી કહેલું ક્લેશ સહિત વચન અનાચાર છે. માટે બોલવું નહીં, એવી રીતે કહ્યાં છતાં પણ જો સાધુ અથવા સાધ્વીજી ક્લેશ સહિત વચન બોલે તો જેમ તંબોલી દ્વારા સડેલા પાનને બીજા પાનને બગાડવાના ભયથી ફેંકી દેવામાં આવે છે તેમ તેને સંઘની બહાર કરવો.

(૨૪) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતોને પર્યુષણના જ દિવસોમાં ઉંચે સાદે

બોલવારૂપ અથવા કડવા વચન બોલવારૂપ ક્લેશ ઉત્પન્ન થાય તો નાનાએ મોટાને ખમાવવા, મોટાઓએ પણ નાનાઓને ખમાવવા. એમ પોતે ખમવું... બીજાને ખમાવવું. પોતે શાંત થવું... બીજાને શાંત કરવા, વળી પરસ્પર એકબીજામાં રાગદ્વેષ છોડી દઈને સૂત્રાર્થ અથવા તત્વના - સુખસમાધિના પ્રશ્ન પૂછનારા થવું. કારણ શાંત થઈ જે ખમાવે છે તે આરાધક છે... શાંત થઈને જે ખમાવતો નથી તે આરાધક નથી. શિષ્ય ગુરુને પૂછે છે - ''તમે એમ શા માટે કહો છો ?'' ગુરુ કહે છે - ''નિશ્ચયથી ઉપશમ પ્રધાન એવું સાધુપણું છે માટે.''

(૨૫) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતોને ત્રણ ઉપાશ્રય ગ્રહણ કરવા કલ્પે. એ માંથી જે ઉપાશ્રય ઉપયોગમાં લેવાતો હોય તેને જીવાદિકના ભયથી વારંવાર પ્રમાર્જવો એટલે સવારના પ્રમાર્જના કરવી તેમજ ભોજન અવસરે પ્રમાર્જના કરવી અને ત્રીજા પ્રહરે પ્રમાર્જના કરવી. બીજા બે ઉપાશ્રયને દૃષ્ટિથી જોવા તેમજ ત્રીજે ત્રીજે દિવસે પાદપ્રોછનથી પ્રમાર્જવા.

(૨૬) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ અથવા સાધ્વીજી ભગવંતે બીજા સાધુ-સાધ્વીજી ભગવંતોને ''હું આજે આ દિશા-વિદિશા તરફ ભાતપાણી લેવા માટે જાઉં છું.'' એમ કહીને જવું કલ્પે. શિષ્ય ગુરુને પૂછે છે ''હે પૂજ્ય ! તે શા કારણ માટે ?'' ત્યારે ગુરુ કહે છે ''ઘણું કરીને શ્રમણ મુનિઓ ચોમાસામાં આલોચના માટે એવં સંયમ શુદ્ધિ માટે છટ્ઠ-અટ્ઠમાદિ તપ કરનારા હોય છે. તપસ્વી મુનિઓ દુર્બળ શરીરવાળા હોવાથી થાકના કારણે કદાચિત મૂર્છિત થાય.. પડી જાય તો તે દિશામાં ઉપાશ્રયમાં રહેલા શ્રમણ તપાસ કરે તે માટે.'' આજના સમયમાં પણ અકસ્માતાદિ ભય હોવાથી કહિને જ જવું કલ્પે... કહ્યા વિના જવું ન કલ્પે.

(૨૭) વર્ષાકાળમાં ચોમાસું રહેલા સાધુ-સાધ્વીજી ભગવંતને ગ્લાનાદિકની વૈયાવચ્ચ કરવા અથવા ઔષધિ વિગેરે લેવા માટે ચાર અથવા પાંચ યોજન સુધી જઈને આવવું કલ્પે. તેમજ તેમને તે માર્ગમાં પાછા વળતાં વચ્ચે નિવાસ કરવો કલ્પે પરંતુ તેમને જ્યાં ગયા હોય ત્યાં જ તે દિવસ રાત્રિ રહેવું કલ્પે નહીં.

(૨૮) એવી રીતે ચોમાસા સંબંધી સાધુના આચારને જેમ સૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે જ્ઞાન-દર્શન અને ચારિત્ર એમ ત્રણ માર્ગ પ્રમાણે યથાર્થ રીતે... સારી રીતે કાયા-વચન-મન વડે સેવન કરીને... શોભાવીને... જાવજ્જીવ સુધી આરાધીને... બીજાને ઉપદેશ આપીને... વિધિ પ્રમાણે આરાધીને... જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું બરાબર પાલન કરીને જે સાધુઓ અતિઉત્તમ આરાધનાથી વિચરનારા છે તેઓ તેજ ભવે કેવળજ્ઞાન પામીને સિદ્ધિને પામે છે. ઉત્તમ આરાધનાથી વિચરનારા બીજા ભવે સિદ્ધ થાય છે.. મધ્યમ આરાધનાથી વિચરનારા ત્રીજે ભવે સિદ્ધ થાય છે. જઘન્ય આરાધનાથી પણ સાતમે-આઠમે ભવે સિદ્ધ થાય છે. તેથી વધારે ભવ કરતાં નથી. **આપણે યથાશક્તિ સવિશેષ આરાધના કરી આત્મ કલ્યાણ સાધવું.**

## એવી રીતે કલ્પસૂત્ર આધારિત
## પ્રવચનમાળા સમાપ્ત